dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 140 | AD - 2025, Maha Vad- 10 | Sunday, Dt.23-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### દુબઈ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે મેચ રમાશે

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો

(એચ.એસ.એલ),દુબઈ,તા.૨૨

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માં ભારત અને પાકિસ્તાન વચ્ચેનો શાનદાર મુકાબલો આજે ૨૩ ફેબ્રુઆરીએ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. જો ટીમ ઈન્ડિયા આ મેચ જીતી જાય તો સેમિફાઈનલમાં તેમનું સ્થાન લગભગ નિશ્ચિત થઈ જશે. આ ગ્રુપએ મેચ દુબઈ સ્ટેડિયમ ખાતે રમાશે અને બંને ટીમો જીત પર નજર રાખશે. આ મેચમાં જે પણ ટીમ જીતશે, તેની સેમિફાઈનલમાં પહોંચવાની શક્યતા વધી જશે. આ ટુર્નામેન્ટમાં બંને ટીમોએ અત્યાર સુધી એક-એક મેચ રમી છે, જ્યાં પાકિસ્તાનને તેની પહેલી મેચમાં ન્યુઝીલેન્ડ સામે ૬૦ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે ભારતે બાંગ્લાદેશ સામે ૬ વિકેટથી વિજય સાથે પોતાના અભિયાનની શરૂઆત કરી હતી.

જો આપણે ભારત અને પાકિસ્તાન વચ્ચેની વનડે મેચોના આંકડા વિશે વાત કરીએ, તો તેમના આંકડા તમને આશ્ચર્યચકિત કરી દેશે. જો આપણે બંને ટીમો વચ્ચેના હેડ ટુ હેડ રેકોર્ડ પર નજર કરીએ તો, પાકિસ્તાન અત્યાર સુધી પ્રભુત્વ ધરાવે છે. વનડે ફોર્મેટમાં, ભારત અને પાકિસ્તાનની ટીમો અત્યાર સુધીમાં ૧૩૫ વખત એકબીજા સામે આવી છે, જેમાંથી ભારતે ૫૭ મેચ જીતી છે અને પાકિસ્તાને ૭૩ મેચ જીતી છે. પાંચ મેચમાં કોઈ પરિણામ આવ્યું નથી. આ આંકડાઓ જોતાં, આપણે કહી શકીએ છીએ કે અત્યાર સુધીના ODI ઈતિહાસમાં, પાકિસ્તાન ભારત સામે ટોચ પર રહ્યું છે. ચેમ્પિયન્સ ટ્રોફીની વાત કરીએ તો, ભારત અને પાકિસ્તાન વચ્ચે અત્યાર સુધીમાં પાંચ મેચ રમાઈ છે, જેમાંથી પાકિસ્તાન ત્રણ




વખત જીત્યું છે જ્યારે ભારત બે વાર જીત્યું છે. બંને ટીમો છેલ્લે ૨૦૧૭ માં ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં એકબીજા સામે ટકરાઈ હતી, જ્યાં પાકિસ્તાને ભારતને હરાવીને ટાઈટલ જીત્યું હતું. આવી સ્થિતિમાં, જ્યારે ભારત આજે દુબઈમાં પાકિસ્તાન સામે મેચ રમશે, ત્યારે તેમનું ધ્યાન પાછલી હારનો બદલો લેવા પર રહેશે. પાકિસ્તાનની ટીમ આ મેચ બેવડા દબાણ હેઠળ રમશે, જેમાં ભારત સામેની મેચનું દબાણ તેમના ખેલાડીઓ પર રહેશે અને પહેલી મેચ હાર્યા પછી, જો તેઓ આ મેચમાં પણ હારનો સામનો કરે છે, તો તેમના માટે સેમિફાઈનલમાં પહોંચવાના દરવાજા લગભગ બંધ થઈ જશે. ટીમ ઈન્ડિયાએ પોતાની પહેલી મેચ જીતીને ટૂર્નામેન્ટની શાનદાર શરૂઆત કરી છે. જો આપણે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમની પિચ વિશે વાત કરીએ તો ત્યાંની ધીમી પિચ પર બોલરોનું વર્ચસ્વ ફરી જોવા મળી શકે છે. આવી સ્થિતિમાં, બોલ થોડો જૂનો થઈ જાય પછી બેટ્સમેન માટે આ પીચ પર રન બનાવવા સરળ નહીં રહે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાયેલી છેલ્લી મેચમાં પણ કંઈક આવું જ જોવા મળ્યું હતું જેમાં પહેલી ૧૦ ઓવર પછી બંને ટીમોના બેટ્સમેનોને રન બનાવવા થોડા મુશ્કેલ થઈ ગયા હતા. દુબઈના મેદાન પર અત્યાર સુધીમાં ૫૯ વનડે મેચ રમાઈ છે, જેમાં પહેલા બેટિંગ કરનારી ટીમ ૨૨ વખત જીતી છે, જ્યારે લક્ષ્યનો પીછો કરતી ટીમ ૩૫ વખત મેચ જીતવામાં સફળ રહી છે. જો આપણે પ્રથમ ઈનિંગ્સના સરેરાશ સ્કોર વિશે વાત કરીએ તો તે ૨૧૫ થી ૨૨૦ રનની વચ્ચે જોવા મળ્યો છે. અહીં ટીમો માટે ૩૦૦ કે તેથી વધુનો સ્કોર કરવો એ બિલકુલ સરળ કાર્ય નહોતું.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ મેચ દરમિયાન દુબઈનું હવામાન મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહી શકે છે. આ ઉપરાંત, થોડા વાદળો રહેશે પણ વરસાદની કોઈ શક્યતા નથી, તેથી ચાહકો મેચનો ભરપૂર આનંદ માણી શકશે.

# બાંગ્લાદેશના આતંકીઓ સાથે સંબંધ સાબિત થાય તો રાજીનામું આપવાની મમતા બેનર્જીની તૈયારી

કોલકતા,તા.૨૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે બાંગ્લાદેશી આતંકવાદીઓ અને કટ્ટરપંથીઓ સાથે સંબંધો હોવાના ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના ધારાસભ્યોના આરોપોને નકારી કાઢ્યા હતા. મમતાએ કહ્યું કે જો ભાજપના ધારાસભ્યો આ આરોપો સાબિત કરે તો તેઓ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દેશે. પશ્ચિમ બંગાળ વિધાનસભાને સંબોધિત કરતી વખતે, મમતા બેનર્જીએ ભાજપના ધારાસભ્યોની તેમના



વિરુદ્ધ પાયાવિહોણી ટિપ્પણીઓ કરવા બદલ ટીકા કરી. તેણીએ કહ્યું કે તે આવા દાવાઓ અંગે ફરિયાદ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખશે.

ટીએમસી સુપ્રીમોએ કહ્યું, 'ભાજપના નેતાઓ અને ધારાસભ્યો પાયાવિહોણા આરોપો લગાવી રહ્યા છે કે મારા કાશ્મીરના આતંકવાદીઓ અને બાંગ્લાદેશના આતંકવાદીઓ અને કટ્ટરપંથીઓ સાથે સંબંધો છે.' જો ભાજપ સાબિત કરે કે મારે આતંકવાદીઓ અને કટ્ટરપંથીઓ સાથે સંબંધો છે, તો હું રાજીનામું આપીશ.

મમતાએ કહ્યું કે તેઓ વડાપ્રધાન મોદીને પત્ર લખીને ફરિયાદ કરશે કે તેમના પક્ષના ધારાસભ્યો પુરાવાના અભાવે તેમના પર બાંગ્લાદેશી કટ્ટરપંથીઓ સાથે સંબંધો હોવાનો આરોપ લગાવી રહ્યા છે. તેમણે કહ્યું, 'આતંકવાદનો ખોટો આરોપ લગાવવા કરતાં મરવું સારું.'

# દિલ્હીમાં મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા સહાય બાબતે આપ આક્રમક મુડમાં

નવીદિલ્હી,તા.૨૨

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આપ નેતા આતિશીએ દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાને પત્ર લખીને દિલ્હીમાં મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવાની યોજના અંગે ચર્ચા કરવા ૨૩ ફેબ્રુઆરીએ મળવા માટે સમય માંગ્યો છે.

ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આપ નેતા આતિશીએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે પીએમ મોદીના વચન છતાં મહિલા સન્માન યોજના પ્રથમ કેબિનેટમાં કેમ પસાર ન થઈ.

દિલ્હી પ્રદેશ ભાજપ કહે છે કે તેમની સરકાર દિલ્હીમાં મહિલા સન્માન યોજના પ્રત્યે પ્રતિબદ્ધ છે અને તે યોજના મુજબ સમયસર આવશે. આ સંદર્ભમાં, મુખ્યમંત્રીએ યોજનાના કાર્ય, યોજનાની ચર્ચા કરવા માટે વરિષ્ઠ અધિકારીઓની બેઠક બોલાવી છે.

આમાં, યોજના હેઠળ લાભાર્થી મહિલાઓની ઓળખ, તેમની નોંધણી અને તેમના ખાતામાં ૨૫૦૦ રૂપિયાની રકમ જમા કરાવવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. યોજનાના અમલીકરણના સમયનો પણ વિચાર કરવામાં આવશે.

# મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં વડાપ્રધાન મોદી મુખ્ય મહેમાન બનશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા મહિને મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. મોરેશિયસના વડાપ્રધાન નવીન રામગુલામે આ જાહેરાત કરી છે. વડાપ્રધાન નવીન રામગુલામે તેને બંને દેશો વચ્ચેના ગાઢ દ્વિપક્ષીય સંબંધોનો પુરાવો ગણાવ્યો છે.

મોરેશિયસના વડાપ્રધાન રામગુલામે રાષ્ટ્રીય સભાને સંબોધિત કરતા કહ્યું કે, આપણા દેશ માટે ખરેખર એક વિશેષ સન્માનની વાત છે કે (વડાપ્રધાન મોદીના) આટલા વ્યસ્ત કાર્યક્રમ છતાં, આપણને આવા પ્રતિષ્ઠિત વ્યક્તિત્વનું સ્વાગત કરવાની તક મળશે. મારા આમંત્રણ પર, ભારતના વડાપ્રધાન, મહામહિમ નરેન્દ્ર મોદી આપણા રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન બનવા માટે સંમત થયા છે.





















# નવજીવન હોસ્પિટલ અમરેલી દ્વારા કેરીયાનાગસ ખાતે મંગળવારે ફ્રી નિદાન કેમ્પનું આયોજન

**ડો.રાજન કૈકૈયા દ્વારા સેવા આપવામાં આવશે**

અમરેલી, તા.૨૨

અમરેલીની નવજીવન જનરલ હોસ્પિટલ દ્વારા કેરીયાનાગસ ખાતે તા.૨૫ ફેબ્રુઆરીને મંગળવારનાં રોજ બપોરે ૩ થી ૬ દરમ્યાન ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. કેરીયાનાગસ સરકારી દવાખાના ખાતે યોજાનાર કેમ્પમાં હોસ્પિટલનાં અનુભવી ફીઝીશ્યન ડો. રાજન કૈકૈયા દ્વારા સેવા આપવામાં આવશે. સાથે જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે દવાઓનું પણ




વિતરણ કરાશે. આ કેમ્પમાં હૃદય રોગ, બિપી, ડાયાબિટીસ, શ્વાસ, દમ, ન્યૂમોનિયા, તાવ, પથરી, પક્ષઘાત વગેરેનાં દર્દીઓ લાભ લઈ શકે છે. ગ્રામીણ ક્ષેત્રમાં ખાસ કરીને ઉંમરવાળા દર્દીઓનું નિદાન અને સારવાર થઈ શકે તેવા સેવાકીય ઉદ્દેશ સાથે નવજીવન હોસ્પિટલ દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો મોટી સંખ્યામાં લાભ લેવા આયોજકો તરફથી અનુરોધ કરાયો છે.

# લુણસાપુર ગામ પાસે બસે બાઈકને ટક્કર મારતાં યુવકનું કમકમાટીભર્યું મોત

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતની વધુ બે ઘટના બની હતી. જેમાં એક યુવકનું મૃત્યુ તથા એક યુવકને ઈજા પહોંચી હતી. શિયાળબેટમાં રહેતા નરેશભાઈ નાનજીભાઈ બાળથીયા (ઉ.વ.૨૫) એ બસ નંબર જીજે ૧૪ ઝેડ ૮૦૫૭ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈ સુકરભાઈ તથા તેના મિત્ર મુકેશભાઈ મોટર સાયકલ લઈને રાજુલાથી જાફરાબાદ તરફ આવતા હતા. લુણસાપુર ગામે લુણસાપુરીયા દાદાના મંદિર પાસે વળાંકમાં પહોંચતા સામેથી આવેલી બસના ચાલકે ટક્કર મારી હતી. જેમાં તેના નાના ભાઈને ગંભીર ઈજા થતાં મૃત્યુ થયું હતું. જ્યારે મુકેશભાઈને માથાના ભાગે ઈજા પહોંચી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ મહેન્દ્રભાઈ રમેશભાઈ સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલીના મોટા આંકડીયા ગામે રહેતા નરેશભાઈ વજુભાઈ ચાવડા (ઉ.વ.૨૮)એ જીજે-૨૩-એન-૯૦૩૩ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના દીકરા રવિ અને બ્રિજેશ રામદેવબાપાના મંદિર પાસે આવેલી દુકાને ભાગ લેવા જતા હતા ત્યારે સામેથી આવેલા મોટર સાયકલના ચાલકે સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવતાં તેમના દીકરા સાથે ભટકાવ્યું હતું. જેમાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. ઉપરાંત પગમાં ઈજા કરી નાસી ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં નાયબ કલેકટરના ઘરમાંથી રૂ.૯૫,૫૦૦ની ચોરી

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલામાં નાયબ કલેક્ટરના ઘરે ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. નાયબ કલેક્ટરના ઘરે નોકરી કરતી નોકરાણી સામે જ ફરિયાદ નોંધાઈ હતી. મૂળ અમદાવાદના અને હાલ સાવરકુંડલામાં રહીને નાયબ કલેકટર તરીકે ફરજ બજાવતાં જીલભાઈ વિજયભાઈ પટેલ (ઉ.વ.૩૨)એ શબનમબેન ગુલમહમદભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમના ઘરે પગારદાર તરીકે નોકરી કરતા હતા. તેમના ઘરમાંથી તેણે રોકડા ૫૫૦૦, એક તોલા સોનાની વીંટી મળી કુલ રૂપિયા ૯૫,૫૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.બી. ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# ધજડી ગામે બેન્ક ઓફ બરોડા દ્વારા 'કિસાન પખવાડા'નું સફળ આયોજન

સારવકુંડલા, તા.૨૨

સાવરકુંડલા તાલુકાના ધજડી ગામે કિસાનોની ઉન્નતિ, દેશની પ્રગતિ અંતર્ગત બેન્ક ઓફ બરોડા દ્વારા કિસાન પખવાડાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બેન્ક ઓફ બરોડાના વરિષ્ઠ અધિકારીઓએ ઉપસ્થિત રહી ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સાવરકુંડલા બેન્ક ઓફ બરોડા



શાખાના ચીફ મેનેજર આર.કે. વર્મા, ડેપ્યુટી મેનેજર ગણેશકુમાર, ખેતીવાડી અધિકારી રવિન્દ્ર તાંબે અને ભાવનગર રિજનલ ઓફિસના અધિકારી અભિષેક કુમારની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. અધિકારીઓએ ખેડૂતોની લોન સંબંધિત સમસ્યાઓનું નિરાકરણ કર્યું હતું અને ડિજિટલ લોન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમમાં ધજડી ગામના સરપંચ ભરતભાઈ, ગોરધનભાઈ દેવાણી, કનુભાઈ દેવાણી, ભરતભાઈ રાદડિયા અને જગદીશભાઈ દુધાત સહિત મોટી સંખ્યામાં ખેડૂત ખાતેદારો હાજર રહ્યા હતા.

# જાફરાબાદમાં એક મહિલાને અન્ય મહિલાએ ગાળ આપી ધક્કો માર્યો

**બજારમાં ગાળો બોલતા હોય ના પાડતા થઈ બબાલ**

જાફરાબાદ, તા.૨૨

જાફરાબાદમાં રહેતી એક મહિલાને અન્ય મહિલાએ ગાળ આપી ધક્કો માર્યો હતો. બનાવ અંગે જેતુનબેન સલીમભાઈ ભરચ (ઉ.વ.૫૦)એ સમીમબેન જુમ્માભાઈ ભરચ (ઉ.વ.૪૦) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ઘરના સભ્યો દરરોજ સાંજે ઘરની બહાર બેસતા હોવાથી આરોપીને સારું ન લાગતાં બજારમાં બિભત્સ શબ્દો બોલતા હતા. તેમણે ગાળો આપવાની ના પાડતાં સારું નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈ જઈ ધક્કો મારી પછાડી દીધા હતા. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી ખાતે સરકારી યોજનાઓનું માર્ગદર્શન તથા બાલિકા પંચાયત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને અમરેલી બેટી બચાઓ અને બેટી પઢાઓ સેલ દ્વારા બાબરા, લાઠી અને અમરેલી તાલુકામાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓ માટે સરકારની કલ્યાણકારી યોજનાઓ અને બાલિકા પંચાયત જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારી દ્વારા બાલિકા પંચાયત ૨.૦ની



માર્ગદર્શિકા, વહાલી દીકરી યોજનામાં આવકનું પ્રમાણપત્ર, લગ્નની નોંધણીનું પ્રમાણપત્ર, જન્મ પ્રમાણપત્ર સત્વરે લાભાર્થીઓને મળે તે અંગે ખાસ ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વિવિધ યોજનાઓના ઉપયોગી સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ પ્રોગ્રામ ઓફિસર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડીયા તાલુકામાં વ્યાજબી ભાવની દુકાનો મર્જ કરાઈ : ગ્રાહકોને ધ્યાને લેવા તંત્રનો અનુરોધ

અમરેલી, તા.૨૨

વડીયા તાલુકાની વ્યાજબી ભાવની દુકાનોને અન્ય દુકાનો સાથે મર્જ કરવામાં આવી છે. હવે પછીથી તે સ્થળેથી અનાજ મેળવવાનું રહેશે. ખડખડ વ્યાજબી ભાવની દુકાનને ખાખરીયા વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. મોટી કુંકાવાવ-૩ વ્યાજબી ભાવની દુકાનને મોટી કુંકાવાવ-૧, નાના ખીજડીયા વ્યાજબી ભાવની દુકાનને મોરવાડા, જીથુડી વ્યાજબી ભાવની દુકાનને લુણીધાર, સનાળા વ્યાજબી ભાવની દુકાનને ભાયાવદર, લાખાપાદર વ્યાજબી ભાવની દુકાનને ઈશ્વરિયા, વડીયા-૨ વ્યાજબી ભાવની દુકાનને વડીયા-૪, વડીયા-૫ વ્યાજબી ભાવની દુકાનને વડીયા-૧, મોટી કુંકાવાવ-૨ વ્યાજબી ભાવની દુકાનને મોટી કુંકાવાવ-૪ , તોરી-૧ વ્યાજબી ભાવની દુકાનને તોરી-૨ વ્યાજબી ભાવની દુકાન સાથે મર્જ કરવામાં આવી છે. અનાજનો જથ્થો મેળવતાં નાગરિકોને અનાજનો જથ્થો મેળવવા આ અદ્યતન વિગતોને ધ્યાને લેવા વડીયા તાલુકા મામલતદારએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.


વિકાસ સાંગાણી 81283 53937 / 70488 83488
નક્ષત્ર મોટર્સ

Tunwal E-Vehicles
સોલાર રૂફટોપ સિસ્ટમ
વસાવો ઈલેકટ્રીક બીલ માંથી મુક્તિ મેળવો......
અદાણી, ગોલ્ડી પહલ પેનલો ઉપલબ્ધ
Rs.78000/- સબસિડી
ઈલેકટ્રીક બાઈક
ન્યુ ઈ-બાઈક સેલ્સ એન્ડ સર્વિસ, દરેક પ્રકારના ટુ-વ્હીલ, ફોરવ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ
ઈલેકટ્રીક બાઈક તુનવાલ ચો બાઈક
એસ.ટી.ડેપો પાછળ, ભોજલરામ વાડીની બાજુમાં અમરેલી


# અમરેલી જિલ્લામાં બે પુરુષોએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં બે પુરુષોએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જાફરાબાદના શીયાળબેટમાં રહેતા ખોડાભાઈ રમેશભાઈ શીયાળ (ઉ.વ.૨૪) એ જાહેર કર્યા મુજબ, રમેશભાઈ દેસુભાઈ શીયાળ (ઉ.વ.૪૪)એ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતાં મોત થયું હતું. જાફરાબાદમરીનપોલીસસ્ટેશનના એએસઆઈ એન. બી. માઢક વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલામાં રહેતા ભરતભાઈ સોમાભાઈ મકવાણા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, વાસુરભાઈ સોમાભાઈ મકવાણા (ઉ.વ.૪૫)એ ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.આર. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં શાકભાજીના વેપારીને એક દિવસમાં ૩૫૦૦ રૂપિયા કમાવાની લાલચ મોંઘી પડી

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલામાં શાકભાજીના વેપારીને એક દિવસમાં ૨૦ થી ૨૫ મિનિટમાં ૩૫૦૦ રૂપિયા કમાવાની લાલચ મોંઘી પડી હતી. તેની સાથે કુલ ૮૨,૩૮૧ રૂપિયાની ઠગાઈ કરવામાં આવી હતી. બનાવ અંગે આકાશભાઈ હરેશભાઈ ડાભી (ઉ.વ.૨૯)એ મોબાઈલ નંબર ૯૦૩૦૨૭૮૪૫૮ પરથી અજાણી વ્યક્તિએ (આરોપીએ) તેના મોબાઈલ ફોનમાં વ્હોટ્સએપમાં મેસેજ કરી બનાવટ પૂર્વક અપ્રમાણિકતાથી ટાટા હાઉસીંગ ડેવલપમેન્ટ કંપનીના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી ઓનલાઈન પ્રમોટેડનું કામ કરવા માટે માત્ર પ્રોપર્ટી રીવ્યુ દેવાનું કહી તમે ઘરે બેઠા દિવસમાં ૨૦ થી ૨૫ મિનિટમાં રૂ.૨૪૦૦ થી રૂ.૩૫૦૦ કમાઈ શકશો તેવી બદદાનતથી ખોટી લાલચ આપી હતી. જે બાદ અલગ-અલગ તારીખે ફોન પે દ્વારા જુદી જુદી રકમના ટ્રાંજેક્શન કરાવડાવી કુલ રૂ.૮૨,૩૨૧ની ઠગાઈ કરી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની પીઆઈ સી.એચ. કુગસીયા વધુ તપાસ કરી રહ્યા છે.


Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com








મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ ● વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ ● એસી જોબ ● એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ ● ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ ● ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**૪૫ ગામમાંથી ફક્ત ૮ ગામના જ પાણીપત્રક ભરાયા, તે પણ ફક્ત ખરીફ પાક માટે જ**

# વડીયા-કુંકાવાવ તાલુકાના તલાટીઓને ખેતીના પાણીપત્રકને બદલે મલાઈદાર લગ્ન નોંધણીમાં જ રસ !

વડીયા,તા.૨૨

ગુજરાત સરકાર પોતાની ખેતીલક્ષી યોજનાઓ ખેડૂતો સુધી પહોંચાડવા માટે ગ્રામપંચાયતનું સંચાલન સરપંચ અને તલાટીને સોંપે છે. રાજ્યમાં ખુબ મોટી સંખ્યામાં લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. પ્રધાનમંત્રી ખેડૂતોની આવક બમણી થાય તે માટે કટિબધ્ધ બની કામગીરી કરી રહ્યા છે પરંતુ સરકારનું વહીવટી તંત્ર જાણે ઘોર નિંદ્રામાં ઉંઘતું હોય તેવા દશ્યો ગ્રામપંચાયતના તલાટીની કામગીરીઓ બાબતે જોવા મળી રહ્યા છે. અમરેલી જિલ્લાનો વડીયા-કુંકાવાવ તાલુકો એટલે લગ્ન નોંધણીનું એપી સેન્ટર. સમગ્ર રાજ્યના લગભગ દરેક જિલ્લામાંથી પ્રેમીપંખીડાઓ અહીં લગ્ન કરવા આવે છે. અહીં આ કામ ફટાફટ થઈ પણ જાય છે, કારણ કે તેમાં પેટ ભરીને મલાઈ આપવામાં આવે છે. ખેતી આધારિત આ તાલુકામાં પંચાયતના તલાટી મારફત પાણીપત્રક વર્ષમાં ત્રણ વાર ભરવાના હોય છે જેની માહિતી ૧૨ નંબરમાં આપવામાં આવે છે. જે વર્ષ ૨૦૨૨/૨૩માં ૪૫ ગામોમાંથી ફક્ત ૧૩ ગામોના અને વર્ષ ૨૦૨૩/૨૪માં ફક્ત ૯ ગામોમાં ભરાયા છે. એ પણ ફક્ત ચોમાસુ પાક (ખરીફ પાક) માટે બાકી સમગ્ર તાલુકાની તમામ ખેતીની જમીનોમાં માહિતી નથી તેવો ઉલ્લેખ કરાયો છે. આ ઉપરાંત વડીયા-કુંકાવાવ તાલુકાના ઘણા ગામડાઓમાં સૌની યોજના, નદી અને કેનાલ મારફતે સિંચાઈનું પાણી છોડવામાં આવે છે તેવા ગામોમાં ત્રણ પાક લેવાય છે ત્યારે આ તાલુકામાં સરકારના ચોપડે ફક્ત એક જ પાકનું વાવેતર થાય છે. આ તમામ માહિતી પરથી લાગી રહ્યુ છે કે વડીયા કુંકાવાવ તાલુકાના તલાટી કમ મંત્રીઓએ પોતાની ફરજમાં બેદરકારી દાખવી છે. સરકાર ટેકાના ભાવે ખરીદી કરે ત્યારે પાણીપત્રકની માગ ફરજીયાત કરે છે. આવા તલાટીઓએ પાણીપત્રક બનાવ્યા ન હોય ખેડૂતોને પોતાની જણસ વેચવામાં મુશ્કેલી પડી શકે છે.

**સરકારનું વહીવટી તંત્ર જાણે ઘોર નિંદ્રામાં ઉંઘતું હોય તેવા દશ્યો**

# મીઠાપુર નક્કી ગામના મર્ડર કેસના બંને આરોપીઓ ઝડપાયા



ધારી,તા.૨૨

ધારી તાલુકાના દલખાણીયા નજીક મીઠાપુર નક્કી ગામે થયેલા હત્યાના કેસમાં ધારી પોલીસ વિભાગે ઝડપી કાર્યવાહી કરી હતી. ગઈકાલે એક આરોપીને ઝડપ્યા બાદ બીજા આરોપીને પકડવામાં પણ પોલીસને સફળતા મળી છે, કેસના બે આરોપીઓ, સોયબ ઈબ્રાહીમભાઈ સમા (ઉંમર ૨૧, ખડાધાર) અને શોયેબ બાબુભાઈ ઝાખરા (ઉંમર ૨૩, બગોયા), હત્યાને અંજામ આપી ફરાર થઈ ગયા હતા. ધારી પોલીસ સ્ટેશનના દેસાઈના માર્ગદર્શન હેઠળ ટેક્નિકલ સર્વેલન્સના આધારે ગણતરીના કલાકોમાં બંને આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. આ કેસમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બાબરા પંથકમાં નોટરી તરીકે નિમાયેલા ૧૪ એડવોકેટને ધારાસભ્ય જનકભાઈના અભિનંદન



લાઠી, તા.૨૨

કેન્દ્ર સરકારે બાબરા પંથકના ૧૪ જેટલા એડવોકેટની નોટરી તરીકે નિમણૂક કરતા લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ તે તમામને શુભકામનાઓ પાઠવી હતી. આ ઐતિહાસિક નિર્ણય બદલ જનકભાઈ તળાવીયાએ કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કરીને જણાવ્યું હતું કે, "બાબરા પંથકના ૧૪ એડવોકેટની નોટરી તરીકે નિમણૂક થવી એ ખૂબ જ આનંદની વાત છે. આ નિર્ણયથી સ્થાનિક લોકોને ઘણો ફાયદો થશે અને તેમના કામ સરળ બનશે. કેન્દ્ર સરકારે તેમનામાં જે વિશ્વાસ મૂક્યો છે, તે બદલ હું તેમનો આભાર માનું છું. મને ખાતરી છે કે, નોટરી તરીકે નિમણૂક પામેલા તમામ એડવોકેટ તેમની ફરજ નિષ્ઠાથી બજાવશે અને લોકોને યોગ્ય સેવા આપશે."

# સાવરકુંડલા ખાતે જય ખોડિયાર રામા મંડળ દ્વારા ૫૧ નવયુગલોનાં સમૂહ લગ્નોત્સવનું આયોજન

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા જય ખોડિયાર રામા મંડળ, કેવડાપરા દ્વારા તા.૨૩-૦૨-૨૦૨૫ ને રવિવારના રોજ ૫૧ નવયુગલોના પ્રથમ સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ભોજન પ્રસાદના સંપૂર્ણ દાતા- મસા પીર નાના જીંજુડા રહ્યા છે. દિપ પ્રાગટ્ય અને સંતોના આશીર્વાદ- મહંત ૧૦૦૮



મહામંડલેશ્વર મસ્તરામબાપુ, ઘી વાળી ખોડિયાર બોઘરીયાણી (ધજડી), તા.સાવરકુંડલા તેમજ મસા પીર - મોમાઈ માતાજીનો મઢ, નાના જીંજુડા, તા.સાવરકુંડલા અને પ.પૂ. મહંત પ્રેમપરીબાપુ, ગુરૂ શંભુપરીબાપુ, બાબા રામદેવ મંદિર, કેવડાપરા, સાવરકુંડલા, આ મહોત્સવના અધ્યક્ષ કુંવરજીભાઈ બાવળીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે. વધુ માહિતી માટે પ્રમુખ- તુષારભાઈ રણોલીયા, ઉપપ્રમુખ- રમેશભાઈ ચૌહાણ, મહામંત્રી- કમલેશભાઈ રાનેરા, ખજાનચી-દિનેશભાઈ સુરાચંદાનો સંપર્ક કરવો. આ ભવ્ય મહોત્સવમાં નવદંપતીઓ સંતોના આશીર્વાદથી તેમનું દાંપત્યજીવન શરૂ કરશે.

# અમૃતવેલ ગામના ફાટક પાસેથી ત્રણ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી છ ઈસમોને કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા પકડીને કાર્યવાહી કરી હતી. અમૃતવેલ ગામ પાસે ફાટક પાસેથી ત્રણ, લીલીયા, રાજુલા અને બગસરામાંથી એક-એક મળી કુલ છ ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

## અવસાન નોંધ


**રાજુલા**

ગં.સ્વ.ગૌરીબેન કાશીગીરી (ઉ.વ.૭૩) નું તા.૨૧/૦૨/૨૦૨૫ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે નીતિનગીરી કાશીગીરીના માતૃશ્રી તેમજ દિનેશગીરી પ્રભાતગીરી ગૌસ્વામી અને રમેશગીરી પ્રભાતગીરી ગૌસ્વામીના કાકી છે. તેમનો શક્તિ પૂજન તેમજ ભંડારો તા.૩/૩/૨૦૨૫ને સોમવારના રોજ સુખનાથ મંદિરે રાખેલ છે.

**બગસરા**

બતુલબેન રસુલભાઈ વીંછીયાવાળા તા.૨૨/૦૨/૨૦૨૫ને શનિવારના રોજ વફાત થયા છે. તે મર્હુમ અબ્બાસભાઈ એહમદઅલી આમેનાબેન મુર્તુઝાભાઈના ભાભી છે. તેમની ઝીયારતના સીપારા તા.૨૪/૦૨/૨૦૨૫ના રોજ વઝીહી મસ્જીદ બગસરા ખાતે રાખેલ છે.

# બી.ફાર્મ સેમ-૩ની પરીક્ષામાં ગજેરા સ્કૂલની વિદ્યાર્થિનીઓ ઝળકી



અમરેલી,તા.૨૨

જીટીયુ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં બી.ફાર્મ સેમ.-૩ની લેવાયેલી પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં અમરેલીના ગજેરા કેમ્પસની શ્રીમતી સી.વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજે GTUમાં ટોપટેનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કોલેજનું પરિણામ ૯૨ ટકા પરિણામ સાથે ૧૦૦ ટકા ફર્સ્ટક્લાસ આવ્યું હતું. જેમાં બાંભણીયા મહેક સી. કોલેજ ફર્સ્ટ- SPI-૯.૩૬, સોરઠીયા બંસી જે. કોલેજ સેકન્ડ - SPI-૯.૨૯ અને સોલંકી દિયા કોલેજ થર્ડ - SPI- ૯.૨૧ સાથે સફળતા મેળવી હતી. સંકુલ પરિવાર તરફથી તમામ વિદ્યાર્થિનીઓ અને સમગ્ર સ્ટાફને અભિનંદન પાઠવવામાં આવેલ છે.


**સંકુલ ગર્લ્સ હોસ્ટેલ - નિવૃત PSI લેડીઝ જોઈએ છે.**

★ સંકુલની ૧ થી ૧૧ ગર્લ્સ હોસ્ટેલની દેખરેખ માટે લેડીઝ નિવૃત PSI જોઈએ છે.

★ રસ ધરાવનારે અપેક્ષીત સેલરી સાથે બાયોડેટા સબમીટ કરવા.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ - ચક્કરગઢ રોડ અમરેલી - Ad 117


# રાજુલા કન્યા વિદ્યાલયમાં વિદાય સમારંભ યોજાયો



રાજુલા,તા.૨૨

રાજુલા શહેરની ત્રિ.જ.ભા સંઘવી કન્યા વિદ્યાલય ખાતે વિદાય સમારંભનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભ શાળાના ત્રણ કર્મચારીઓ - સારસ્વત બહેન રૂપલબેન રાવળ, શિક્ષક મયુરભાઈ ઉપાધ્યાય (નવા આચાર્ય તરીકે નિયુક્ત) અને સેવક સોમાતભાઈ ડોડીયા માટે યોજાયો હતો. શાળાના આચાર્યા સીમાબેન પંડ્યાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું અને વિદ્યાર્થિનીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. ધોરણ ૯ થી ૧૨ માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને દાતાઓ અને મહેમાનો દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું, અને ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ પણ આ પ્રસંગે યોજાયો હતો. વિદ્યાર્થિનીઓએ તેમના યુનિફોર્મ પર શિક્ષક પ્રત્યેના પ્રેમના સૂત્રો અને સુવિચારો લખીને પોતાની લાગણી વ્યક્ત કરી હતી. આચાર્યા સીમા બહેન પંડ્યાએ ઉપસ્થિત મહેમાનો અને કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપનાર સૌનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પરેશભાઈ લુણાગરિયા દ્વારા અને આભારવિધિ ભૂતપૂર્વ આચાર્ય પી. ડી. ભર્ગા દ્વારા કરવામાં આવી હતી.


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.

• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ

Raj Unisex Saloon Since:1996

રાજ ફેમિલી સલૂન

ટ્રેનેડ બાય : જાવેદ હબીબ

એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778

ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



વી. કે. મોટર્સ

VK MOTORS — Giving you joy of Best Ride...

MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧

લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.

e_mail : kanpariyavipul4025@gmail.com



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...

એજ જ ભાવ વ્યાજબી ભાવ

(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર

હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ

24 X 7 — ૨૪ કલાક માટે

એ.સી.રૂમ રૂા.૯૯૯

ડીલકસ રૂમ રૂા.૧૧૯૯

હોટેલ હોલીડે

M.8238744144

HOLIDAY HOTEL

સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



નિત્યા સ્કીન કિલનીક

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર

• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation

ડો. જુહી ઠક્કર — M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ, ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર

• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ — M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# અમરેલી શહેરમાં બી.આર.સી. ભવન દ્વારા કેરિયર ગાઈડન્સ વર્કશોપ યોજાયો

અમરેલી,તા.૨

બી.આર.સી. ભવન અમરેલી દ્વારા શહેરની શાળાઓમાં કેરિયર ગાઈડન્સ વર્કશોપનું આયોજન કરાયું, જેમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને યોગ્ય કારકિર્દી પસંદગી માટે માર્ગદર્શન અપાયું હતું. જિલ્લા રોજગાર અધિકારી પ્રજાપતિએ રોજગાર વિકલ્પો અને રોજગાર કચેરીની કામગીરી સમજાવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર વાઘેલાએ પોલીસ વિભાગમાં કારકિર્દી વિશે માહિતી આપી હતી. આઈ.ટી.આઈ. ઈન્સ્ટ્રક્ટર રવિયાએ આઈ.ટી.આઈ.ના અભ્યાસક્રમો અને રોજગાર તકો વિશે જણાવ્યું હતું. સી.આર.સી. શરદભાઈ મકવાણાએ કાર્યક્રમની



રૂપરેખા આપી હતી. બી.આર.સી. કો.ઓ. બીપીનભાઈ ગજેરાએ પરીક્ષા માટે શુભકામનાઓ પાઠવી હતી. તેમણે ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓને રોજગારલક્ષી માર્ગદર્શન મળી રહે તે માટે કેરિયર ગાઈડન્સ વર્કશોપ યોજવાનું આયોજન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. એ.આર. એન્ડ વી.ઈ. વિભાગ કો.ઓ. સીંધવભાઈ, સરસ્વતીબેન અને સી.આર. સી. સુખડીયા સાહેબ દ્વારા પણ વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ગુજરાતના ગરીબ અને ખેડૂતલક્ષી બજેટને આવકારતાં ધારાસભ્ય જનક તળાવીયા

લાઠી, તા.૨૨

ગુજરાત વિધાનસભામાં નાણા પ્રધાન કનુભાઈ દેસાઈએ રજૂ કરેલ ગુજરાતના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટને લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આવકાર્યું છે. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ



'વિકસિત ગુજરાત'ના નિર્માણ માટે વિકસિત ગુજરાતના વિઝન અને જનકલ્યાણના મિશન સાથેનું જાજરમાન બજેટ રજૂ કરવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણા મંત્રી કનુભાઈ દેસાઈનો ખૂબ ખૂબ આભાર. આ બજેટમાં અનેકવિધ ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે, જે રાજ્યના સર્વાંગી વિકાસને વેગ આપશે. આ બજેટમાં શિક્ષણ વિભાગ માટે કુલ રૂ.૫૯,૯૯૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જે શિક્ષણના સ્તરમાં સુધારો લાવવા અને યુવાનોને વધુ સારી તકો પ્રદાન કરશે. આ બજેટ ગુજરાતને નવી ઊંચાઈઓ પર લઈ જશે અને રાજ્યના વિકાસને વધુ વેગ આપશે. આ ગરીબ અને ખેડૂતલક્ષી બજેટ છે.

# જાફરાબાદના રત્નેશ્વર દરિયા કાંઠેથી યુવકનો આઈફોન ૧૩ ચોરાયો

જાફરાબાદ, તા.૨૨

જાફરાબાદના રત્નેશ્વર દરિયા કાંઠે મહુવાનો એક યુવક ફરવા આવ્યો હતો. આ સમયે તેનો એપલ આઈફોન ૧૩ પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે વૈભવભાઈ નાનજીભાઈ ગોહિલ (ઉ.વ.૨૫)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, રોહીસા ગામની બાજુમાં રત્નેશ્વર દરિયા કાંઠે ફરવા ગયો હતો. તે દરમિયાન દરિયા કાંઠેથી તેમનો એપલ કંપનીનો આઈફોન ૧૩ મોબાઈલ- ૮/૧૨૮ GB, જેની આશરે કિં.રૂ.૫૪,૯૦૦ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. બી. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની મહિલા આર્ટ્સ કોલેજમાં ફિનિશિંગ સ્કૂલ ટ્રેનિંગ પ્રોગ્રામ સંપન્ન

સાવરકુંડલા , તા.૨૨

નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ, સાવરકુંડલામાં ગુજરાત સરકાર અને કે.સી.જી.ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા ફિનિશિંગ સ્કૂલ ટ્રેનિંગ સ્પોકન પ્રોગ્રામનું સમાપન ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું. અરવલ્લીથી



પધારેલા તજજ્ઞ રાજદીપ કટારા દ્વારા આપવામાં આવેલી આ તાલીમમાં કોલેજની ૩૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. સમાપન કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓ આરતી ચુડાસમા અને ફિઝા જાદવે પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. રૂક્સાનાબેન કુરેશીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# કુંકાવાવના દેવગામના આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લડ કેમ્પ યોજાયો



કુંકાવાવ, તા.૨૨

કુંકાવાવ તાલુકાના દેવગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તા.૨૦/૦૨/૨૦૨૫ને ગુરુવારના રોજ બ્લડ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લડ કેમ્પમાં દેવગામમાંથી બહોળી સંખ્યામાં લોકોએ રક્તદાન કર્યું હતું. આ કેમ્પમાં ગ્રામજનો અને દેવગામ અમર સાહેબ આશ્રમના મહંત ચંદ્રેશ બાપુએ પણ રક્તદાન કર્યું હતું.

# દામનગર શહેરમાં કોનોકાર્પસ વૃક્ષોનો નિકાલ કરવાની માગણી

દામનગર, તા.૨૨

દામનગર સહિત ગુજરાતમાં ઝેરી ગેસ ફેલાવતા કોનોકાર્પસ વૃક્ષોનો નિકાલ કરવાની માગણી થઈ રહી છે. કહેવાય છે કે, માનવ જાત માટે આ વૃક્ષ હાનિકારક છે. વિદેશથી લાવવામાં આવેલ આ વૃક્ષ ઝેરી હોવાનું સાબિત થઈ ગયું છે. આ વૃક્ષોને કાઢી નાખવા ગુજરાત સરકારનો પરિપત્ર હોવા છતાં આ વૃક્ષો ગામે-ગામ જોવા મળે છે.



આ વૃક્ષોના નિકાલ માટે વન વિભાગની મંજૂરી લેવાની હોય છે કે પછી, સ્થાનિક સત્તાધીશોએ આ કામ કરવાનું હોય છે...!! જિલ્લા કલેક્ટરોએ દરેક ગ્રામ પંચાયત- નગરપાલિકાને પરિપત્ર પાઠવવા જોઈએ તેવી માગણી થઈ રહી છે.

# ૨૪ ફેબ્રુઆરીએ અમરેલી ખાતે કિસાન સન્માન સમારોહ યોજાશે

**સમારોહમાં સાંસદ ભરતભાઈ સુતરીયા અને અધિકારીઓ સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે**

અમરેલી, તા.૨૨

રાજ્યમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત આગામી તા.૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ને બુધવારના રોજ કાર્યક્રમ યોજાશે. અમરેલી જિલ્લાકક્ષાનો કાર્યક્રમ તા.૨૪.૦૨.૨૦૨૫ના રોજ બપોરે ૧૨ વાગ્યે અમરેલી સ્થિત દાદા ભગવાન ત્રિ-મંદિર, લીલીયા રોડ ખાતે યોજાશે. કિસાન સન્માન સમારોહમાં અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા, અધિકારીઓ, પદાધિકારીઓ, મહાનુભાવો, કર્મચારીઓ, ખેડૂતો તેમજ પશુપાલકો જોડાશે. તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ચલાલા-સાવરકુંડલા રોડના નવિનીકરણનું ખાતમુહૂર્ત

ચલાલા,તા.૨૨

ચલાલા-સાવરકુંડલા રોડના નવિનીકરણની પ્રક્રિયા શરૂ થઈ છે. પ્રથમ તબક્કામાં ચલાલા થી નેસડી સુધીના રોડ માટે રૂ. ૩.૮૨ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે. ખાતમુહૂર્ત પ્રસંગે શહેરના આગેવાનો, ચલાલા શહેર ભાજપ પ્રમુખ, નગરપાલિકાના નવનિયુક્ત પ્રતિનિધિઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર



રહ્યા હતા. આ માર્ગ લાખો રાહદારીઓ માટે મહત્વપૂર્ણ છે, અને રસ્તાની દુર્દશા અંગેની સક્રિય રજૂઆતનું સકારાત્મક પરિણામ મળ્યું છે. ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડીયા અને રાજ્ય સરકારની કામગીરી માટે જનતાએ આભાર વ્યક્ત કર્યો હતો.

# સૌરાષ્ટ્ર યાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૧૦ | ૧૫૦૭ |
| ઘઉં લોકવન | ૫૭૨ | ૬૧૧ |
| ઘઉં ટુકડા | ૬૦૨ | ૬૭૮ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૧૦૩૦ |
| જુવાર લાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૮૭ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૯૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૧૯૦ | ૧૫૬૦ |
| મગ | ૧૪૦૦ | ૧૮૯૦ |
| વાલ દેશી | ૮૧૦ | ૧૧૦૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૮૦૦ |
| કળથી | ૬૫૦ | ૮૦૦ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૩૫ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૨૩૦ |
| તલી | ૧૮૫૦ | ૨૨૭૦ |
| સુરજમુખી | ૫૨૨ | ૫૨૨ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૩૬ |
| અજમો | ૧૪૪૦ | ૨૨૨૨ |
| સુવા | ૧૦૨૦ | ૧૩૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૯૪ |
| સીંગફાડા | ૧૦૭૦ | ૧૩૪૦ |
| કાળા તલ | ૩૨૦૦ | ૪૩૩૦ |
| લસણ | ૮૦૦ | ૧૪૫૦ |
| ધાણા | ૧૧૨૫ | ૧૯૫૦ |
| મરચા સુકા | ૮૫૦ | ૨૨૧૫ |
| ધાણી | ૧૨૫૦ | ૨૪૦૦ |
| વરીયાળી | ૮૨૦ | ૧૨૯૦ |
| જીરૂ | ૩૪૫૦ | ૪૧૫૦ |
| રાય | ૧૦૩૦ | ૧૩૩૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૨૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૮૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૯૮૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૦ | ૧૨૫૦ |
| તરબુચ | ૨૫૦ | ૪૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૫૧ |
| ડુંગળી સુકી | ૧૪૦ | ૪૪૦ |
| ટમેટા | ૫૦ | ૧૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |

| | | |
|---|---|---|
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| સકરીયા | ૫૦૦ | ૭૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦ | ૭૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૦૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પરવર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૪૦૦ | ૬૦૦ |
| તુવેરસીંગ | ૩૫૦ | ૬૨૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૬૦ | ૩૨૦ |
| મેથી | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૨૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૫૫૦ | ૮૩૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૨૪૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૮૫ | ૧૦૭૦ |
| ગિરનારી શીંગ | ૧૧૧૮ | ૧૧૯૮ |
| શિંગ મોટી | ૮૪૦ | ૧૧૧૭ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૩૧૦ |
| તલ સફેદ | ૧૪૭૫ | ૨૧૯૦ |
| તલ કાળા | ૪૧૫૦ | ૪૬૬૦ |
| તલ કાશમીરી | ૨૪૯૪ | ૨૪૯૪ |
| જુવાર | ૪૩૦ | ૭૬૦ |
| ઘઉં ટુકડા | ૫૭૪ | ૭૦૨ |

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૫૭૯ | ૬૫૯ |
| અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ચણા | ૯૮૬ | ૧૦૯૦ |
| ચણા દેશી | ૧૩૬૮ | ૧૩૬૮ |
| તુવેર | ૧૦૨૬ | ૧૪૭૫ |
| કપાસ | ૧૦૩૦ | ૧૪૭૧ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૧૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૮૯૦ |
| રાયડો | ૯૨૦ | ૯૨૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૮૦ |
| ધાણી | ૧૦૦૦ | ૨૪૮૦ |
| અજમા | ૧૬૯૦ | ૨૦૪૦ |
| મેથી | ૮૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૭૨૫ | ૭૭૦ |
| મરચા લાંબા | ૪૦૦ | ૪૬૦૦ |
| કાંગ | ૮૦૦ | ૮૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૪૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૫૦ |
| કોબીજ | ૫૦ | ૮૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૮૦ | ૧૨૦ |
| સુરણ | ૯૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૧૦૦ | ૧૫૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૦૦ | ૨૫૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૨૫૦ |
| વટાણા | ૪૦૦ | ૫૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૩૦૦ | ૫૦૦ |
| તુવેર | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| આમળા | ૭૦૦ | ૯૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૨૫૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૦૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૪૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| મરચા લાલ | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સૂકી | ૧૫૦ | ૫૦૦ |
| લસણ લીલુ | ૬૦૦ | ૭૦૦ |
| લસણ સુકુ નવુ | ૭૦૦ | ૧૨૦૦ |
| મકાઇ | ૨૦૦ | ૨૫૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૪૬૧ |
| ઘઉં લોકવન | ૫૭૪ | ૬૨૮ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૬૪૮ |
| મગફળી જીણી | ૮૪૬ | ૧૧૨૬ |
| સિંગ ફાડીયા | ૯૯૧ | ૧૩૧૧ |
| એરંડા / એરંડી | ૧૦૭૧ | ૧૨૭૬ |
| જીરૂ | ૨૭૫૧ | ૪૫૧૧ |
| ધાણા | ૮૦૦ | ૧૪૬૧ |
| લસણ સુકું | ૭૯૧ | ૧૨૮૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૫૦૧ |
| અડદ | ૭૬૧ | ૧૬૫૧ |
| તુવેર | ૯૦૧ | ૧૫૦૧ |
| રાયડો | ૯૦૦ | ૯૬૧ |
| મેથી | ૪૦૦ | ૯૫૧ |
| કાંગ | ૭૪૧ | ૮૦૧ |
| કારીજીરી | ૧૮૩૧ | ૧૮૩૧ |
| મરચા | ૪૫૧ | ૩૨૫૧ |
| મગફળી જાડી | ૬૫૦ | ૧૧૫૧ |
| નવા ધાણા | ૯૦૦ | ૨૨૫૧ |
| નવી ધાણી | ૧૦૦૦ | ૩૧૦૧ |
| નવું લસણ | ૯૩૧ | ૧૫૪૧ |
| સફેદ ચણા | ૯૦૧ | ૧૭૦૧ |
| ધાણી | ૯૦૦ | ૧૪૮૧ |
| ડુંગળી સફેદ | ૧૯૧ | ૨૪૬ |

| | | |
|---|---|---|
| બાજરો | ૩૭૧ | ૩૭૧ |
| જુવાર | ૫૩૧ | ૧૦૦૧ |
| મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૮૧ |
| વાલ | ૭૫૧ | ૧૧૩૧ |
| ચોળા / ચોળી | ૬૩૧ | ૨૨૦૦ |
| સોયાબીન | ૫૫૧ | ૭૮૬ |
| ગોગળી | ૬૭૬ | ૧૦૪૧ |
| વટાણા | ૧૩૦૦ | ૧૩૫૧ |
| **ગોંડલ(શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦ | ૧૪૦ |
| મરચા | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૧૨૦ |
| દુધી | ૫૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૪૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૫૦ | ૩૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૫૦૦ | ૯૦૦ |
| વટાણા | ૩૨૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૧૬૦ | ૨૮૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| કોથમીર પુરા | ૮ | ૧૨ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૩૦૦ | ૪૫૦ |
| ચ્રૂણ | ૯૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૧૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૪ |
| બીટ પુરા | ૮ | ૧૪ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૩૨૦ | ૮૦૦ |
| વાલોર | ૧૦૦ | ૫૦૦ |

| | | |
|---|---|---|
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૦૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૧૮૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૫ |
| પાલક પુરા | ૨ | ૩ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૦ | ૧૪૯૦ |
| કપાસ મીડીયમ | ૧૨૭૦ | ૧૩૯૦ |
| મગફળી ૨૦ | ૧૦૨૨ | ૧૦૯૮ |
| મગફળી બી.ટી. | ૯૯૦ | ૧૦૨૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૭૦ |
| જીરૂ | ૩૪૮૦ | ૩૭૫૦ |
| તુવેર | ૧૨૬૫ | ૧૩૬૫ |
| ધાણા | ૧૨૩૫ | ૧૫૨૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૫૪ |
| ઘઉં લોકવન | ૫૫૪ | ૫૮૫ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૦૨ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૪૨ |
| સોયાબીન | ૭૨૬ | ૭૫૦ |
| ધાણા | ૧૦૩૦ | ૧૩૧૦ |
| લસણ | ૨૩૫ | ૨૩૫ |
| અડદ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| તુવેર | ૯૩૦ | ૧૩૯૦ |
| જુવાર | ૧૦૧૦ | ૧૦૧૦ |
| તલસફેદ | ૨૦૦૦ | ૨૦૮૦ |
| શીંગદાણા | ૧૦૬૦ | ૧૦૭૦ |
| મગફળી | ૫૦૦ | ૬૭૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૫૦ | ૧૪૫૧ |
| મગફળી | ૯૩૦ | ૯૫૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૦૦ |
| ચણા | ૧૦૭૧ | ૧૦૭૧ |
| સફેદ તુવેર | ૧૩૯૦ | ૧૩૯૦ |
| લાલ તુવેર | ૧૩૦૧ | ૧૩૩૫ |
| સફેદચણા | ૧૦૪૫ | ૧૦૪૫ |
| સોયાબીન | ૬૮૦ | ૬૮૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૧૧ | ૧૪૮૫ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૦૫૭ | ૧૦૬૫ |
| સોયાબીન | ૭૪૦ | ૭૪૫ |
| તુવેર | ૧૩૫૨ | ૧૩૫૨ |
| ઘઉં | ૬૨૦ | ૬૨૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૯૭૦ | ૧૦૩૭ |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૯૯૭ |
| શીંગ ૩૯ | ૯૫૦ | ૧૦૭૨ |
| શીંગ જી.૨૦ | ૯૫૯ | ૧૦૭૨ |
| જુવાર | ૬૩૩ | ૯૭૯ |
| બાજરી | ૫૨૨ | ૬૫૧ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૬૯૫ |
| મગ દેશી | ૧૫૧૫ | ૧૫૧૫ |
| સોયાબીન | ૭૮૨ | ૭૮૨ |
| ચણા | ૫૫૩ | ૧૧૨૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૫૧ |
| તલ કાળા | ૩૪૦૧ | ૪૩૦૦ |
| તુવેર | ૧૨૭૨ | ૧૪૩૮ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૬૪૭ |
| ડુંગળી સફેદ | ૨૩૧ | ૪૬૧ |
| કપાસ શંકર | ૧૨૮૧ | ૧૪૩૪ |
| નાળીયેર | ૭૨૨ | ૨૯૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૬૭૫ | ૧૦૦૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| તલ પીળા | ૨૩૫૦ | ૨૪૨૧ |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૭૫ |
| બાજરો | ૪૫૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૭૫ |
| જુવાર | ૫૬૦ | ૯૭૨ |
| મગ | ૧૪૦૧ | ૧૬૬૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૫૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૧૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| એરંડી | ૧૧૬૧ | ૧૧૬૧ |
| સોયાબીન | ૬૬૦ | ૭૩૭ |
| રાય | ૧૦૫૦ | ૧૧૫૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૫૧ |
| શીંગ મોટી | ૧૦૩૦ | ૧૦૭૫ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૦૦ |

| | | |
|---|---|---|
| તલ કાળા | ૪૫૭૦ | ---- |
| જીરૂ | ૩૮૦૦ | ૪૩૧૬ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ઘઉ લોકવન | ૫૧૦ | ૫૬૯ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૫૭૬ |
| બાજરો | ૫૧૦ | ૬૫૬ |
| જુવાર | ૬૦૦ | ૮૫૦ |
| અજમા | ૧૭૦૦ | ૨૨૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૦૪ |
| ચણા | ૯૭૦ | ૧૧૧૩ |
| દેશી ચણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૩૨૫ | ૧૫૧૦ |
| એરડી | ૧૧૦૦ | ૧૨૨૫ |
| સોયાબીન | ૭૪૦ | ૭૮૧ |
| ધાણા | ૧૨૦૦ | ૨૬૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૭૪ |
| **કોડીનાર** | | |
| મગફળી જીર૦ | ૯૭૦ | ૧૧૦૯ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૪૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૬૨૩ |
| ઘઉં | ૪૪૦ | ૬૨૨ |
| રાઇ | ૧૦૨૫ | ૧૧૭૨ |
| રાયડો | ૮૦૦ | ૧૦૦૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૭૮ |
| જુવાર | ૫૫૦ | ૧૦૨૬ |
| એરડી | ૧૦૦૦ | ૧૨૧૪ |
| ચણા | ૮૫૦ | ૧૦૬૧ |
| જા.તલ | ૧૮૦૦ | ૨૨૮૦ |
| સોયાબીન | ૭૧૦ | ૭૯૯ |
| કપાસ | ૧૧૪૦ | ૧૪૪૫ |
| ધાણા | ૯૫૦ | ૧૩૫૧ |
| કાંગ | ૫૦૦ | ૬૭૬ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૧ |
| ઘઉં | ૪૫૦ | ૬૫૧ |
| ચણા | ૮૫૧ | ૧૦૬૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૩૧ |
| મગફળી | ૭૦૦ | ૯૭૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૧૧ |
| સોયાબીન | ૭૪૧ | ૭૪૧ |

# ગુજરાતમાં ડિસમેન્ટલિંગ હિન્દુત્વના અખતરા

વિચાર વલોણું



જયવંત પંડ્યા



ચાર વર્ષ પૂર્વે અમેરિકામાં એક કાર્યક્રમ થયો હતો. 'ડિસમેન્ટલિંગ ગ્લૉબલ હિન્દુત્વ કૉન્ફરન્સ'. કેટલીક યુનિવર્સિટીઓ પણ આ કાર્યક્રમના સમર્થનમાં હતી. આનો વિરોધ થયો. પરંતુ જે રીતે AÈ નક્સલવાદીઓ શહેરમાં હોય છે તેના વિશે ભારતમાં વિવેક અગ્નિહોત્રીની ફિલ્મ 'બુદ્ધ ઈન ટ્રાફિક જામ' પછી લોકોમાં જાગૃતિ આવી તે રીતે સરકાર તરફી રહીને હિન્દુત્વને નુકસાન પહોંચાડતા લોકો વિશે જાગૃતિ નથી આવી. વિશેષ કરીને ગુજરાતમાં.

ગુજરાત એ હિન્દુત્વની પ્રયોગશાળા ગણાય છે. પરંતુ અહીં ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી હિન્દુત્વ વિરોધી પ્રયોગશાળા બની ગઈ છે. જાતિવાદી આંદોલનો અહીં થયાં. હિન્દુઓને જાતિ-જાતિમાં વિભાજિત કરવાનો પ્રયાસ થયો. કથાકાર દ્વારા સ્વામિનારાયણ વિ. સનાતની એવો વિભાજિત કરવાનો પ્રયાસ થયો જે ઠીક-ઠીક સફળ પણ થયો. હિન્દુ વિ. જૈન એમ ઝઘડા ઊભા કરવાનો પણ પ્રયાસ કેટલાક કથિત કટ્ટર સનાતનીઓ દ્વારા થયો. આ સિવાય અહીં મૉટિવેશનના નામે, પ્રેમના નામે, લેખનના નામે, ફિલ્મોમાં 'ડિસમેન્ટલિંગ હિન્દુત્વ'ના અખતરા ચાલી રહ્યા છે.

આ અખતરા કરનારા સરકાર તરફી જ છે પાછા. સરકારના મોટા-મોટા નેતાઓ, ભાજપના સંગઠનના નેતાઓ તેમનાથી અંજાયેલા છે. તેમની પાસે સામે ચાલીને જાય છે. કૉંગ્રેસની જાતિવાદી રણનીતિને સમજીને તેનો તોડ કાઢી ચૂંટણી જીતવામાં પાવરધા બની ગયેલા ભાજપના નેતાઓ કે સંઘના લોકો 'ડિસમેન્ટલિંગ હિન્દુત્વ'ના આ પરિબળોને જોકે ઓળખી નથી શકતા અથવા તેમને તેમનાથી એટલો ભય નથી લાગતો તે નવાઈની વાત છે.

અપરિણીત હોય તેવા લોકો અહીં પ્રેમ અને રિલેશનશિપની વાતો કરે છે. જોકે તેમાં પણ છિછરી વાતો વધુ હોય છે. તેની આડમાં પણ હિન્દુત્વને જ ઉધઈની જેમ કોતરી ખાવાનો આશય હોય છે. દા. ત. પ્રેમની વાત આવે તો શ્રી કૃષ્ણની વાત આવે જ. પરંતુ તેઓ કહે છે કે શ્રી કૃષ્ણ કાલ્પનિક છે. શ્રી કૃષ્ણને પૂર્ણ પુરુષોત્તમ કહેવાય છે. અને કોઈ પુરુષ પૂર્ણ હોય જ ન શકે. કેમ જાણે આ લોકોએ ટાઈમ ટ્રાવેલ કરીને મહાભારતના સમયમાં જઈને જોઈ લીધું હોય કે શ્રી કૃષ્ણ હતા જ નહીં.

આવું નિવેદન જો રાહુલ ગાંધી, સપા, રાજદ, ડીએમકે, તૃણમૂલના કોઈ રૅંજીપૅંજી નેતાએ કર્યું હોય તો રાષ્ટ્રીય સ્તરે ભાજપ અને ચેનલો હોહલ્લા મચાવી દે કારણકે તેમાં ભાજપને ફાયદો છે. રાહુલ ગાંધી, સપા, ડીએમકે, રાજદ, ડીએમકે, તૃણમૂલ વગેરે હિન્દુ વિરોધી છે તેમ સાબિત કરવામાં તેને પોતે હિન્દુ તરફી છે તેમ આપોઆપ પૂરવાર કરવાનો અવસર મળી જાય છે. પરંતુ ગુજરાતમાં જો કોઈ આવું કહે તો તેને ખબર હોતી નથી, ખબર કરવામાં આવે તો 'એને કોણ સાંભળે છે? કે વાંચે છે?' તેમ કહી તેની ઉપેક્ષા કરવામાં આવે છે.

મહાકુંભમાં ૫૬ કરોડ હિન્દુઓએ પવિત્ર ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી. તે અંગે કૉંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગે, લાલુપ્રસાદ યાદવ અને મમતા બેનર્જીએ વિરોધી ટીપ્પણી કરી. ખડગેએ કહ્યું કે સ્નાન કરવાથી પાપ ધોવાઈ ન જાય. લાલુએ તો મહાકુંભને ફાલતુ કહ્યો. મમતાએ તેને મૃત્યુ કુંભ કહ્યો, તેની વિરુદ્ધ ઉહાપોહ પણ થયો. પરંતુ ગુજરાતમાં મહાકુંભ વિશે એમ જ્યારે કોઈ કહે કે 'સરકાર આપણને ત્યાં જવાની ના પાડે છે પરંતુ અંબાણીને ના પાડતી નથી' તો કોઈ ઉહાપોહ થતો નથી. ખરેખર તો આ ફેક ન્યૂઝ ગણી તેની સામે કાર્યવાહી થવી જોઈએ. પરંતુ આવું થયું નહીં. મહાકુંભ વિશે આવા તો ત્રણ-ચાર વીડિયો બન્યા.

આ લખનાર પોતે મહાકુંભ મેળામાં ૧૧ દિવસ રહી આવ્યો છે. વીઆઈપીઓ તે વખતે પણ આવ્યા હતા, પરંતુ કોઈ તકલીફ અમને પડી નથી. ને આ લખનાર સામાન્ય વ્યક્તિની જેમ ત્યાં પગપાળા જ બધે ગયો છે. કોઈ વીઆઈપી ટેન્ટમાં રોકાયો નથી. એટલે કોઈ મૂર્ખ એમ પણ તર્ક નહીં કરી શકે કે "તમે તો વીઆઈપી ટેન્ટમાં રોકાયા હો એટલે વખાણ જ કરવાના ને." મહાકુંભમાં સ્નાન કરીને ત્યાંથી જે ગંગાજીનું પાણી લાવ્યા તેનો ચમત્કાર જાણવો છે? અમે આટલા દિવસ ઘરથી બહાર હતાં તેથી સ્વાભાવિક જ તુલસીજીને પાણી પવાયું નહોતું. તેથી તે સૂકાઈ ગયેલાં. આવીને મારાં શ્રીમતીએ ગંગાજીનું થોડું પાણી રેડ્યું અને તુલસીજી નવપલ્લવિત થઈ ગયાં. આ ચમત્કાર છે ગંગાજીનો. અને તેને કેટલાક લોકો પ્રદૂષિત ગણાવી આસ્થાની મજાક ઉડાવે છે.

'કૉલ્ડપ્લે કૉન્સર્ટ'માં ભીડ થાય કે નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં મેચ જોવા ભીડ ઉમટે તેની સામે કોઈને વાંધો નથી. તેનું કવરેજ પણ મીડિયામાં સકારાત્મક રીતે ભરપૂર થાય છે, પરંતુ મહાકુંભના સમાચારમાં ભીડ થાય તો તેનું નકારાત્મક કવરેજ કેમ? અમેરિકામાં ઘૂસવા માટે જેની લાયકાત નહોતી, જેમને અમેરિકા વિઝા આપતું નહોતું તેવા લોકો દેવું કરીને કે પોતાનું ઘર/ખેતર વેચીને મેક્સિકો કે કેનેડા થઈને, ત્રાસ સહન કરીને ગયા અને ડૉનાલ્ડ ટ્રમ્પ જેવો ભાયડો ત્યાં પ્રમુખ તરીકે આવ્યો અને તેમણે બધાને પોતાના ઘરે પાછા તગેડ્યા તેમાં એક મીડિયાનું હેડિંગ હતું : "કમાવા ગયા હતા ને આતંકીની જેમ પાછા મોકલ્યા". માન્યું કે નરેન્દ્ર મોદીને ડૉનાલ્ડ ટ્રમ્પ સાથે સારું બને છે. ડૉનાલ્ડ ટ્રમ્પ પણ કટ્ટરવાદી ઈસ્લામની વિરુદ્ધ છે. મોદીજીએ ટ્રમ્પ ચૂંટાય તે માટે અમેરિકામાં 'હાઉડી મોદી' અને અમદાવાદમાં 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ કર્યો હતો. પરંતુ આ કંઈ વ્યક્તિગત ફાયદા માટે નથી. આનાથી ભારતને ફાયદો છે. ટ્રમ્પ આવ્યા પછી કેનેડામાં ટ્રુડોને ત્યાગપત્ર આપવો પડ્યો છે. ટ્રમ્પ ૨૦૧૬માં આવ્યા ત્યારે પણ પાકિસ્તાનને અમેરિકા તરફથી સહાય બંધ કરી દીધી હતી. ટ્રમ્પે વાયુ સેનાના જવાન અભિનંદનને પાકિસ્તાને પકડ્યો ત્યારે ભારત વતી ચેતવણી આપી હતી. અત્યારે ટ્રમ્પે હિન્દુ વિરોધી અને ભારત વિરોધી થઈ ગયેલા બાંગ્લાદેશ માટે ભારતે જે કરવું હોય તે કરવાની છૂટ આપી છે. શું આ ભારત માટે ફાયદારૂપ બાબત નથી?

ટ્રમ્પ પહેલાં ડેમોક્રેટના લેફ્ટ-લિબરલ બાઈડેનના શાસનમાં જ અમેરિકી રાજદ્વારીઓએ શૈખ હસીનાને ઉથલાવી મોહમ્મદ યુનૂસને સત્તામાં બેસાડ્યા અને તેનું પરિણામ આજે આપણે જોઈ શકીએ છીએ. યુનૂસના શાસનમાં બાંગ્લાદેશ કટ્ટર ઈસ્લામના માર્ગે ચાલી રહ્યું છે. બાંગ્લાદેશ બનાવનાર શૈખ મુજિબર રહેમાનની પ્રતિમા તોડી નાખવાનું હોય કે ત્યાંનું સંવિધાન બદલવાની વાત હોય, મહિલાઓની ફૂટબૉલ મેચમાં આક્રમણ કરવાની વાત હોય કે હિન્દુઓનો નરસંહાર કરવાની વાત હોય, જે બાંગ્લાદેશને ખૂબ પ્રયત્નપૂર્વક શૈખ હસીનાએ કટ્ટરતાથી એકંદરે મુક્ત રાખ્યું હતું અને બાંગ્લાદેશની પ્રગતિની વાતો અહીંના મોદી વિરોધીઓ પણ કરતા થાકતા નહોતા તે બાંગ્લાદેશની અવગતિના મુદ્દે હવે તેઓ મૌન છે. કેટલાક તો એમ પણ લખે છે કે એ તો ભારતે શૈખ હસીનાને શરણ આપ્યું એટલે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર તવાઈ આવી છે. અને આવું લખનારા ગુજરાતી છે.

એટલે અવૈધ રીતે કમાવા ગયા હોય અને તેમને પાછા મોકલે તેમાં સહાનુભૂતિ ઉપજી શકે તેવું હેડિંગ આપવું ન જોઈએ. ચોરને પકડવામાં આવે તો તેની સાથે ચોર જેવો જ વ્યવહાર થાય ને. તેમ, જે રીતે ભારતમાં અવૈધ રીતે ઘૂસી ગયેલા બાંગ્લાદેશી-રોહિંગ્યાઓ ઉત્પાત મચાવે તો આપણને આતંકવાદી લાગે તેમ અમેરિકામાં અવૈધ રીતે જે પકડાયા હોય તે અમેરિકાને તો આતંકવાદી જ લાગવાના ને? શું તેમને લાડવા આપીને મોકલે? તેમને હારતોરા કરીને મોકલે? આ કેવા પ્રકારનું પત્રકારત્વ ! તમને મોદી ન ગમતા હોય તો તેના સો વાંક કાઢો. દિલ્લી રેલવે મથક પર ભાગદોડથી મૃત્યુ કેમ થયાં તેની વાત કરો. તેમના રાજમાં હજુ પણ ચંડોળા તળાવમાં બાંગ્લાદેશીઓ કેમ છે તે પ્રશ્ન ઉઠાવો. ૧૯૮૭માં અમદાવાદનું નામ બદલી કર્ણાવતી કરવાનું તેમનું વચન હજુ કેમ પૂર્ણ નથી થયું તે પ્રશ્ન ઉઠાવો. સંસ્કૃતિની વાતો કરતી સરકાર દિલજીત દોસાંજની ઈલ્યૂમિનિટી નામના ગુપ્ત સંગઠનની છાપ ધરાવતી 'દિલ્યૂમિનિટી' કૉન્સર્ટ અને 'કૉલ્ડપ્લે કૉન્સર્ટ'ને અનુમતિ કેમ આપે છે તે પ્રશ્ન કરો. આ કૉન્સર્ટમાંથી થયેલા વેપારની વાત ગુજરાતના પ્રધાન છાતી ફૂલાવીને કહે છે તેની સામે પ્રશ્ન કરો.

ઘણા બધાને વડાપ્રધાનને મળવું હોય તો અસંભવ છે પરંતુ દિલજીત દોસાંજને કેમ મુલાકાત મળી જાય છે તે પ્રશ્ન કરો. આ એ જ દિલજીત દોસાંજ છે જેણે પંજાબમાં આરએસએસના નેતાઓની હત્યાના આરોપમાં પકડાયેલાને સમર્થન આપ્યું હતું.

પરંતુ તેના બદલે જનતા ગેરમાર્ગે દોરાય તેવાં મથાળાં બાંધો છો કે 'કમાણી કરવા ગયા હતા અને આતંકીની જેમ પાછા મોકલ્યા'?

રણવીર અલાહાબાદિયા અને સમય રૈનાએ અત્યંત નીચ ટીપ્પણી કરી. આ બંને જ નહોતા. મહીપસિંહ, અપૂર્વા મખીજા, રાખી સાવંત, પૂનમ પાંડે વગેરે અનેક લોકો તેના શૉમાં આવી આવી જ ખરાબ ટીપ્પણી કરી ચૂક્યા છે. પરંતુ કલમઘસુઓને રણવીર અલાહાબાદિયા સામે વાંધો પડે છે. અને વાંધો એ નથી કે તેણે ખરાબ ટીપ્પણી કરી. એને તો એક જ વાક્યમાં ઝાટકીને સંતોષ માને છે. મૂળ વાંધો એ છે કે રણવીર અગાઉ ઈસ્કૉનના સંતથી માંડીને અનેક હસ્તીઓના સારા ઈન્ટરવ્યૂ કરી ચૂક્યો હતો. તેણે એક જિજ્ઞાસુની જેમ તંત્ર-મંત્રને સમજવાનો પ્રયાસ કર્યો હતો. તેમને વાંધો એ છે કે રણવીર અલાહાબાદિયાના પગલે સૉશિયલ મીડિયા પર સરકારનું નિયંત્રણ આવી જશે તો પોતે અશ્લીલ સામગ્રી કેમ મૂકી શકશે? વાસ્તવમાં તો આવા લોકો રણવીર અલાહાબાદિયાને પણ સારા કહેવડાવે તેવા છે. જાહેરમાં હોય તો અંદરખાને કેવા હશે તે કલ્પના કરી શકાય છે. પરંતુ રણવીર પર માછલાં વધુ ધોવાયાં કારણકે તેને વડાપ્રધાન મોદીના હસ્તે ઈન્ફ્લુઅન્સરનો એવૉર્ડ મળ્યો હતો. એટલે વહેતી ગંગામાં હાથ ધોવા રણવીરનો મુદ્દો લઈ વાતને ક્યાંથી ક્યાં લઈ જવાઈ. સૉશિયલ મીડિયા પર ગંદકીનો વિરોધ કરનારા પણ આવું બધું જોતા હોય છે તેમ રાબેતા મુજબ લખ્યું. આવું કહીને વિરોધ કરનારા અંદરથી ગંદા હોય છે તેમ સાબિત કરવાનો આશય હોય છે. આવું કહી દેવામાં આવે એટલે વિરોધ કરનારા ચૂપ થઈ જાય.

વાસ્તવમાં આ ઉર્દૂવૂડની ટ્રાઈડ ફૉર્મ્યૂલા છે. તેની ફિલ્મોમાં પણ આવું દર્શાવાય છે અને ફિલ્મ કલાકારો પણ આવો બોદો તર્ક કરતા હોય છે. રસ્તે ચાલતા ઉકરડો દેખાય તો તે ગંદકીનો વિરોધ જો કરવામાં આવે તો શું એમ કહેવાશે કે આ તો રસ્તામાં ઉકરડો જ જુએ છે? અને જો વિરોધ ન હોત તો તમારી જેમ મોડી રાતના જાગીને આ જ બધું જોયા કરતા હોત. વિરોધ કરે તો બંધ થવાની શક્યતા રહે ને? વિરોધ નહીં કરવાનો. ખીખીખી કરીને ખિખિયાટા કરવાના. ફેક આઈડીથી બધું જોયા કરવાનું.

આ લોકો સામ્યવાદીઓની જેમ ખોટું કરનારા બધાને ટેકો આપશે. શાહરુખનો દીકરો આર્યન ખાન ડ્રગ્સ કેસમાં પકડાશે તો તથ્ય બહાર આવ્યા પહેલાં જ બૉલિવૂડ સૉફ્ટ ટાર્ગેટ છે, બાકી બીજા પણ ડ્રગ્સ લે જ છે તેમ કહી તેના સમર્થનમાં આવી જશે. સંજય દત્ત ૧૯૯૩ના બૉમ્બ ધડાકા કેસમાં પકડાશે તો તેના સમર્થનમાં પણ આવશે. સલમાન ખાન હિટ ઍન્ડ રન કેસમાં પકડાશે તો તેના સમર્થનમાં દલીલો કરશે. શ્રી રામમંદિર બનશે તો તેને તોડનાર બાબરે ગોહત્યા પર પ્રતિબંધ મૂકાવ્યો હતો તેમ કહી બાબરનું મહિમામંડન કરશે. ગાંધીજીના નામે હિન્દુઓને ગાળો ભાંડશે.

'ઈસ દુનિયા મેં દો તરહ કે કીડે હોતે હૈ' તેવો અમિતાભ બચ્ચનનો 'હમ' ફિલ્મનો સંવાદ આમ તો કૉમેડીમાં ખપી જાય છે અને એક જ સંવાદ અલગ-અલગ રીતે કેમ કહી શકાય તે અમિતાભની અભિનયકુશળતાનો એક નમૂનો ગણાય છે, પરંતુ જો સાંસ્કૃતિક પ્રદૂષણની રીતે આ સંવાદને મૂકવો હોય તો આ રીતે મૂકી શકાય:


ટાઈગરઃ ગોન્સાલ્વીસ, ઈસ દુનિયા મેં દો પ્રકાર કે પ્રદૂષણ હોતે હૈ. એક વો જો હવા, પાની ઔર ધ્વનિ મેં હોતા હૈ ઔર દૂસરા વો જો માનવ કે ગંદે દિમાગ સે ઉત્પન્ન હોતા હૈ...હવા, પાની ઔર ધ્વનિ કે પ્રદૂષણ સે માનવ બીમાર હોતા હૈ, લેકિન ગંદે દિમાગ કે પ્રદૂષણવાલો સે પૂરા સમાજ બીમાર હોતા હૈ...

અચ્છા...હવા, પાની ઔર ધ્વનિ મેં હોનેવાલે પ્રદૂષણ કો દૂર કિયા જા સકતા હૈ, કિન્તુ ગંદે દિમાગ સે ઉત્પન્ન પ્રદૂષણ કો દૂર કરને કે લિએ કોઈ ઉપાય બાજાર મેં હૈ હી નહીં.. નહીં હૈ બોલ. ગોન્સાલ્વીસઃ તૂ ક્યા કહના ચાહતા હૈ મૈં સમજ ગયા મેરે ભાઈ, યહી ના કિ ગંદે દિમાગવાલો સે દૂર રહને કા...ઉસ કા વિરોધ કરુંગા તો મેરી જાન ખતરે મેં હોગી...લેકિન વિરોધ નહીં કિયા તો યહાં પૈદા હોનેવાલા હર બચ્ચા ગંદે દિમાગવાલા બન જાયેગા...

ગુજરાતે આવું સાંસ્કૃતિક પ્રદૂષણ ફેલાવીને હિન્દુત્વને ડિસમેન્ટલ કરવા માગતા લોકોને સત્વરે ઓળખી લેવાની આવશ્યકતા છે. ■ jaywant.pandya@gmail.com

# પતન – જુનું થવું અને ખંડેર થવુંમાં ફર્ક છે

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી



હિન્દુસ્તાનમાં જયારે મુઘલ સલ્તનતના આખરી દિવસો ચાલી રહ્યા હતા, ત્યારનો સમય કેવો હતો ? શું સ્થિતિ હતી ? રાજદરબાર કઈ રીતે ચાલી રહ્યો હતો ? સલ્તનતના અંતિમ લક્ષણો કે ક્ષણો શું હતા ? સલ્તનતની સેના વિખેરાઈ ગઈ હતી, અને પીંઢારાઓમાં તબદીલ થઈને રૈયતને ઉજાડી રંજાડી રહી હતી. દરબારમાં ખુશામતખોરોની પહેલી અને બીજી કતાર ગેરહાજર હતી કે ભાગી ગઈ હતી, ત્રીજી કતારના દરબારીઓ અમલમાં વધેલું અફીણ ચાટીને ઝૂમી રહ્યા હતા. નાચનારી વેશ્યાઓ અને તેના તબલચીઓ, થાકેલા અને કાંખઘોડીની મદદથી ચાલી શકતા જીહજૂરીયાઓ, દરબારીઓ અને ઉમરાવો માત્ર દરબારમાં બચ્યા હતા. એક ઝીર્ણ શીર્ણ બાદશાહને બહેલાવવા 'બા અદબ બા મુલાહિજા હોશિયાર'નો કોરસ ગવાઈ રહ્યો હતો. તખ્તની પાછળ આખી ઈમારત ખખડી ચૂકી હતી. ખંડીયેરનુમા જર્જરિત હકૂમતના વિલાસી પાદ્શાહો હાથમાં પિકદાન લઈને ઉભેલા દરબારીઓનું ઝીંદાબાદ ઝીંદાબાદ ઝીલી રહ્યા હતા. કંપની સરકારની ઈન્ફન્ટ્રી દિલ્હીની સડકો પર શિસ્તબદ્ધ પરેડથી આવી રહી હતી. પતન થઈ જવા માટે મુઘલ સલ્તનત પાસે બધા કારણો મોજૂદ હતા. સલ્તનત ડૂબી રહી હતી.

કોઈપણ સામ્રાજ્યના પતનની શરૂઆત થાય ત્યારે સૌ પહેલી ખબર તેના તખ્તનશીનને પડવી જોઈએ. સિંહાસનનો પાયો અસ્થિર થાય એ પહેલી જાણ તેના પર બેઠેલાને થવી સ્વાભાવિક છે. ત્યારબાદ સેનાપતિને જાણ થઈ જવી જોઈએ. હુમલો મહેલના દરવાજા સુધી આવી જાય ત્યાં સુધી જે દરબારમાં મુજરો ચાલી રહ્યો હોય અને દરબારીઓ નશામાં ઝૂમી રહ્યા હોય, એ સત્તાનું પતન નિશ્ચિત છે. સિંહાસન પર બેઠેલો આવો હુમલો કે પતન પારખી નથી શકતો તો તેને ત્યાંથી ઉતારી મુકવો જોઈએ. વિલાસ, ભ્રમ, લાપરવાહી, અહંકાર, દ્વેષ, ગુરુતાગ્રંથી એ બધા સત્તાના સિંહાસનની આસપાસ નાચતા ભસ્માસૂરો છે. સિંહાસન પર બેઠો હોય તે આનાથી બચે એ જરૂરી છે. જે તરેહથી મુઘલ સલ્તનત પડી હતી કઈક એજ રીતથી દેશના સૌથી જુના અને એક સમયના સૌથી મોટા રાજકીય પક્ષનું પતન છેલ્લા દાયકાથી દેશ જોઈ રહ્યો છે. મુગલ સલ્તનતના છેલ્લા શાસકો બહારનું આક્રમણ, અંદરની ખેંચતાણ અને પ્રજાનો મિજાજ પારખવામાં નિષ્ફળ ગયા હતા. ઔરંગઝેબના શાસન દરમિયાન ધર્મસ્થાનોનો ધ્વંશ અને બહુમત હિંદુઓ પર થયેલા અત્યાચારોએ સલ્તનતના પાયામાં લુણો લગાડી દીધો હતો. રહીસહી કસર બાહ્ય આક્રમણોએ પૂરી કરી.

કોંગ્રેસ દેશનો સૌથી જુનો પક્ષ છે. આઝાદી પહેલા અને આઝાદી બાદના સાત દાયકા સુધી કોંગ્રેસ દેશની રાજનીતિની ધરી પર રહી છે. અથવા એમ કહી શકાય કે દેશની રાજનીતિ કોંગ્રેસની ધરી પર ગબડતી રહી હતી. એ સાત દાયકા સુધી બીજી કોઈ મજબૂત વૈકલ્પિક રાજનીતિ ઉભી ન થઈ શકી જે કોંગ્રેસને બહોળા ફલક પર પડકારી શકે. જનતાપક્ષ અને સ્વતંત્ર પક્ષ જેવા સ્પાર્ક જોવા મળ્યા કે ઈમરજન્સી બાદ સત્તા પરિવર્તન જોવા મળ્યું જે અલ્પકાલીન સાબિત થયું. જે કોઈ આંદોલન કે મુદ્દા આધારિત ઉદય હતો. આંદોલન અને મુદ્દાઓ સમાપ્ત થતા પક્ષ આથમી ગયા. ક્ષેત્રીય પાર્ટીઓ વિકાસ પામી પણ એ રાજ્યો પુરતી સિમિત રહી. સરેરાશ દેશમાં કોંગ્રેસની આણ પ્રવર્તી રહી. લાંબી અને ટકાઉ સત્તાએ કોંગ્રેસમાં અમુક ભ્રમ પેદા કરી દીધા. જનતાના સમર્થનને ટેકન ફોર ગ્રાન્ટેડ અને તપતી સત્તાને યાવાદ્ચન્દ્રદીવાકરો સમજી લેવામાં આવી. પક્ષની અંદર એક દરબારી સંસ્કૃતિ ઉભી થઈ ગઈ. સિંહાસન અને સિંહાસન પર બેઠેલાને ખુશ કરવા બહુમત પ્રજાને લાત મારવાની ફેશન પક્ષમાં વધી પડી. એક પરિવારને પ્રિય થઈ જવાની એક જીવલેણ સ્પર્ધા પક્ષમાં જામી પડી. કોણ વધુ હિન્દુદ્વેષી છે, એ આધારે પ્રમોશનો થવા લાગ્યા. પ્રજામાં સપાટી નીચે એક રોષ એકઠો થતો રહ્યો. પ્રજા વિફરી ગયા બાદ ઔરંગઝેબ અનામ સ્થળે દફન થઈ ગયો હતો એ સ્થિતિ ડોકાઈ ગઈ. દશ વર્ષના ભ્રષ્ટ ગઠજોડ રાજકારણે પ્રજાને સત્તાને ઉથલાવવાનો સ્પાર્ક આપી દીધો. વિપક્ષ હિન્દુત્વને પુનઃજાગરણની સ્થિતિમાં લાવવા સફળ રહ્યો. વર્ષોથી દબાયેલો અપમાનબોધ સપાટી પર આવી ગયો. ઉપર ઉલ્લેખ કર્યો એમ, પક્ષ, પ્રજાનો મિજાજ, બહારનું આક્રમણ અને અંદરની ખેંચતાણ પારખવામાં સદંતર નિષ્ફળ ગયો અને ભાજપ લાલઘુમ હિન્દુત્વના મોજા પર દેશભરમાં ફૂંકાઈ ગયો. દેશમાં કોંગ્રસ અને કોઈ કોંગ્રેસી જે હરગીઝ નહોતો ઈચ્છતો એ નરેન્દ્ર મોદી યુગ શરુ થયો.


પ્રાચીન સમયમાં કહેવાતું કે સત્તાના સિંહાસનની આગળ સૈનિક અને પાછળ ધર્મગુરુ ઉભા છે. સૈનિક બળ છે, જેના થકી સત્તા રાજ્ય ચલાવે છે. જયારે ધર્મગુરુ જવાબદેહી છે, જેના થકી સિંહાસન પર લગામ રહે છે. આધુનિક યુગમાં આગળનો સૈનિક એ પક્ષનો કાર્યકર્તા છે, અને પાછળનો ધર્મગુરુ એ પક્ષની નીતિઓ છે. નીતિઓ પર સવાર થઈને કાર્યકર્તા પક્ષને આગળ ધપાવે છે. કોંગ્રેસે બંને ખોઈ નાખ્યા છે. પરિવારવાદને લઈને કર્મઠ કાર્યકર્તાની સતત અવગણના, અને બહુમત પ્રજા વિરુદ્ધની નીતિઓ, આંધળું મુસ્લિમ તૃષ્ટિકરણ કોંગ્રેસને એક એવી ગર્તામાં લઈ ગયું કે જ્યાંથી ઉપર ઉઠવું ખુબ મુશ્કેલ છે. ઈમારતની નાની મોટી મરામત બહુ મુશ્કેલ નથી હોતી, પણ જયારે આખો ઢાંચો ખળભળી જાય ત્યારે એ ઈમારતનું સમારકામ ખુબ મુશ્કેલ અને જોખમી બની જાય છે. આજે કોંગ્રેસનો ઢાંચો જ ખળભળી ગયેલો છે, તેવી ઈમારત છે. એના દુર્ભાગ્યે અંદર રહેનારને એ ટકાટક અને મજબૂત લાગે છે. કોંગ્રેસની ડિક્ષનરીમાંથી આત્મમંથન, આત્મચિંતન, આંતરિક લોકશાહી જેવા શબ્દો છેકી નાખવામાં આવ્યા છે. આટઆટલા ઘોર પરાજયો બાદ પક્ષમાં રીનોવેશન કે રી સ્ટ્રકચરીંગ ક્યારેય હાથ ધરવામાં આવ્યું હોય એવું જાણ્યું નથી. સામાવાળો ભૂલ કરશે અને આપણને સફળતા મળશે એ માનસિકતા સાથે પક્ષ કામ કરી રહ્યો હોય એવું ફલિત થાય છે. બીજાની ભૂલો પર લાંબા ગાળાની રાજનીતિ ઉભી નથી રહી શકતી.

ક્વિક નોટ – ગંગા કિનારે ઉગે એટલે કારેલું દુધી ન બની જાય. – એક તમિળ કહેવત. ■

production@infiniumpharmachem.com

# માખી પકડવા માટે કોઈ કોર્સ છે ?

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે ૯૫૭૪૩૭૪૪૫૩

(૧)આપને વ્યર્થ સાંભળવું, જોવું, બોલવું ગમે છે ?

ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)

તમને ગાંધીબાપુના ત્રણ વાંદરાવાળી વાર્તા હજી યાદ છે?!

(૨) 'આઈ ડોન્ટ નો'નું ગુજરાતી શું થાય?

વર્ષાબેન પંપાણિયા (રાજુલા)

મને ખબર નથી!

(૩)માખી પકડવા માટે કોઈ કોર્સ છે?

વિપુલકુમાર મહેતા (રાજકોટ)

હા પણ એમાં એડમિશન માટે મચ્છર પકડવાનો કોર્સ કરેલો હોવો જોઈએ.

(૪)સાડા ચાર ફૂટ ઉંચાઈ ધરાવતી વહુ મળે એને કિચન કેબિનેટની ઉંચાઈનું શું કરવું ?

કનુભાઈ પરમાર (દામનગર)

દેશી ચૂલા પધ્ધતિ ફરીથી ચાલુ કરો.

(૫)તમે સવાલના જવાબ આપવા કોની-કોની મદદ લ્યો છો ?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

જરાક મદદ કરીને ગામમાં ઢંઢેરો ન પીટે એની.

(૬)ભવિષ્યવેત્તાને બિરદાવવા માટે બે પંક્તિમાં કહેવું હોય તો શું કહેવાય?

કનુભાઈ લિંબાસિયા 'કનવર' (ચિત્તલ)

હે ભવિષ્યવેત્તા ભાઈ, તને કેમ કરી બિરદાવું?

શબ્દો ઉછીના લીધા ત્યારે માંડ લખાયું આવું!

(૭)મોજને ક્યારેય પેન્ડિંગ રખાય?

દીપમાલાબેન એન. હરિયાણી (ખાંભા)

તમે મને પૂછવા બેઠા ત્યાં સુધીમાં તો મોજ ક્યાંની ક્યાં જતી રહેશે.

(૮)સાસરિયામાં જમાઈનું માન કેમ હોય?

કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)

બે દિવસ માટે કોણ માથાકૂટ કરે?!

(૯)લગ્ન કરવા જોઈએ કે નહિ, તમારો અનુભવ વાચકને જણાવવા વિનંતી.

નિધિ પાંડોર (બાયડ)

કોઈ હા પાડતું હોય તો આપણે ના ન પાડવી જોઈએ.

(૧૦)ભગવાનને પ્રસન્ન કરવા માટે શું કરવું જોઈએ?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

ભગવાન પ્રસન્ન નથી એવું કોણે કહ્યું?

(૧૧)હું તો કાગળિયા લખી લખી થાકી.. તો હવે શું કરવું?

રમાબેન પટેલ (અમદાવાદ)

મેસેજ કરો.

(૧૨)ચોર ઘરમાં ઘૂસે નહી અને દરવાજેથી જ પાછો ફરી જાય એવો કોઈ રસ્તો બતાવશો?

જય દવે (ભાવનગર)

બધી માલ મિલકત અને પૈસા દરવાજે જ મૂકી દો.

(૧૩)ઉંદર બિલાડીનો સંબંધ એટલે કેવો સંબંધ?

રામભાઈ પટેલ (સુરત)

અમેરિકા અને રશિયાના સંબંધો વિશેના સવાલો પૂછવા નહી!

(૧૪) 'ધરમ કરતાં ધાડ પડી'એ કહેવત શું કહેવા માગે છે?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

તમે આંગળી આપુ તો પોંચો પકડો એવા છો!

(૧૫)મારે બંદૂકનું લાઈસન્સ લેવું છે તો શું કરવું?

દર્શન પટેલ (વડોદરા)

ચાંદલિયા ફોડવાની બંદૂકડી તૂટી ગઈ કે વેચી નાખી?! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# જુવાનજોધ દીકરો બે પૈસા કમાતો ન હોય તો મા-બાપની હાલત શું હોય ?

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય



ગુજરાતીઓ આ દુનિયાની એક મહાજાતિ છે. દેશમાં આપણને વેપારી પ્રજા તરીકે ઓળખવામાં આવે છે. હકીકતમાં આપણામાંના સહુ કંઈ વેપારી નથી. પરંતુ આપણી ઓળખ વેપારી પ્રજા તરીકેની એટલે છે કે દેશના અન્ય રાજ્યોની પ્રજાની તુલનામાં આપણી નાણાંકીય સભાનતા અધિક હોય છે. આપણે વેપારી છીએ એમ લોકો કહે છે એનો અર્થ કે આપણે વેપારી તરીકે શ્રેષ્ઠ છીએ. ભારતમાં ગુજરાતીઓથી ઉપરના દરજ્જાના વેપારી તરીકે રાજસ્થાની - મારવાડીઓને માનવામાં આવે છે. અને એનાથીય ઉપર વ્યાપારી કુશળતા માટે સિંધીઓને સ્વીકારવામાં આવે છે. મૂળ વાત તો બજાર સાથે કામ કરવાની કળાની છે. પણ આ કળામાં ગુજરાતીઓ હવે પેઢીઓ બદલાતા થોડાક પાછા પડતા દેખાય છે. જેની અસર બજારો પર જોવા મળે છે.

સમાજનો નવી પેઢીનો એક મોટો વર્ગ એવો છે જે પિતા કે દાદાનો, ધંધાનો વારસો લેવા ચાહતો નથી. જો એને દુરાગ્રહથી કદાચ ધરાર ધંધામાં કે ફેક્ટરી પર બેસાડવામાં આવે તો એમાં કંઈ ભલીવાર ન હોય. ગુજરાતમાં બહારથી તો દાખલા દેવા માટે એમ દેખાતું હોય કે ધીરુભાઈ અંબાણીનો વારસો મુકેશ અંબાણીએ સંભાળી લીધો. પરંતુ સાર્વત્રિક રીતે જુઓ તો એવા ઉદાહરણો બહુ ઓછા છે. નવી પેઢી વેપાર કે ઉદ્યોગને બદલે નોકરીમાં વધુ વિશ્વાસ રાખતી થઈ ગઈ છે.

ઉપરાંત વેપારીઓએ પણ કિસાનોની જેમ પોતાની ફરિયાદો કરવાનું સતત ચાલુ રાખ્યું છે. વાત કદાચ સાચી પણ હશે પરંતુ એને કારણે એની નવી પેઢીને જ એમ થાય છે કે આમાં હવે કોઈ માલ નથી. કિસાનોની નવી પેઢી તો હવે મહત્‌મ કિસ્સામાં જાતે ખેતી કરતી નથી. આપણા સૌરાષ્ટ્રની પ્રજાએ પંચમહાલ જિલ્લાનું તો કલ્યાણ કરી નાંખ્યું છે. ગોધરાની બજારમાં સૌરાષ્ટ્રમાંથી કમાયેલા મહેનતના રૂપિયાની બોલબાલા છે. ટાવર રોડે જેટલી ગિરદી નથી એટલી તો ગોધરાની બજારોમાં છે. ધન્ય છે સૌરાષ્ટ્રના કિસાનોને કે એમણે આદિવાસીઓને પોતાને આંગણે બોલાવીને એમના જીવન ધોરણને નવી ઊંચાઈ આપી.

હકીકતમાં જુઓ તો પિતાની ખેતી કે પિતાના વેપાર-ધંધા ઊભા કરવામાં વર્ષો વીતી ગયા હોય છે અને એવડી મોટી સંપત્તિનું સર્જન કરવાની તાકાત ભાગ્યે જ કોઈ નોકરીમાં હોય છે. પરંતુ નવી પેઢી આ બધો વિચાર કરવાને બદલે પોતાના તરંગો પ્રમાણે આગળ વધે છે, જેને કારણે ક્યારેક કુટુંબમાં મતભેદ પણ થાય છે. ગુજરાતી માતા-પિતાઓએ પોતાના સંતાનોને વધારે પડતા લાડકોડમાં ઉછેર્યા એનું પરિણામ તેઓ ભોગવી રહ્યા છે. અને આવું જ પરિણામ આવે એની કોઈ નવાઈ નથી. એની સામે બહુ ઓછા સાધનો અને ઓછી સગવડમાં ઉછરેલા બાળકો આગળ જતાં બહુ તેજસ્વી થયા હોવાનું જોવા મળે છે.

સંખ્યાબંધ નાના પરિવારના સંતાનો આજે બહુ ઊંચામાં ચાલે છે. સમાજ આ બધું જોઈ રહ્યો છે. છતાં સુખી કુટુંબોમાં પોતાના સંતાનોને છાવરવામાં હજુ પણ દરેક માતા અને પિતા બહુ કુશળતાપૂર્વક વકીલાત કરતા જોવા મળે છે. એનું પરિણામ હજુ પણ વધુ ખરાબ આવવાની શક્યતા છે. પશ્ચિમના જગતમાં આવું નથી. ત્યાં તો થોડું ઘણું ભણીને નોકરી કરવા જવાની બધાને ઉતાવળ હોય છે. જ્યાં જુઓ ત્યાં દરેક વ્યક્તિ ૧૫ વર્ષની વટાવે કે તુરત જ એ કોઈને કોઈ પ્રોડક્ટ હાથમાં લઈને વેચવાની શરૂઆત કરી દે છે. અથવા તો કોઈ ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં નોકરી કરે છે અને કોઈ પેટ્રોલ પંપે નોકરી કરવા લાગે છે. કોઈ સવારે છાપા નાખે છે, તો કોઈ ટ્રાફિક પોલીસમાં ભરતી થઈ જાય છે. પરંતુ કામ તો બધા જ કરે છે. એમ કરતા કરતા જ તેઓ લાખો ડોલરના આસામી બને છે. આપણા દેશમાં એવી પરિસ્થિતિ છે કે એક જણ કમાય અને પાંચ કે સાત જણ ખાય. ધારો કે સંતાનો નાના હોય અને ગૃહિણી ઘરનું બધું કામ સંભાળતી હોય અને ઘરનો મોભી નોકરી કે ધંધો કરતો હોય એ સ્થિતિ શરૂઆતમાં બરાબર છે.

પરંતુ સંતાનો પંદર-વીસ વર્ષના થાય પછી પણ આપણા દેશમાં તો એને કમાણી કરવાનો વિચાર આવવાને બહુ વાર લાગે છે. ગ્રેજ્યુએટ થયા પછી પણ ત્રણ-ચાર વર્ષ ભણનારા સંતાનો આપણે ત્યાં છે. એમને ભણવાની કોણ ના પાડે છે? પરંતુ તેમણે એ તો સમજવું જોઈએ કે પરિવાર ઉપર તેઓ બહુ લાંબા સમય માટે બોજ ન બની શકે. સંતાનો જ્યારે ૨૫ વર્ષના થાય ત્યારે માતાપિતાની કાર્યશક્તિ પણ મર્યાદિત થઈ હોય છે. તેમને જિંદગીમાં એક વિશ્રામની જરૂર હોય છે. તેઓએ પોતાના સંતાનોનું ઘડતર કરવાનો એક આખો તબક્કો પૂરો કરેલો હોય છે અને છતાં તેઓ પોતાના પૌત્ર કે પૌત્રીને નવેસરથી તૈયાર કરવા માટેની તૈયારીમાં જ હોય છે. પરંતુ આ સમયે જો જુવાનજોધ દીકરો પોતાની આવડત પ્રમાણેના કામકાજ હાથમાં ન લે તો એ ઘર કદી તરી શકે નહીં.

માતાપિતા એમ કહેતા નથી કે ભાઈ તું લાખ રૂપિયા કમાઈ લાવ. એ તો એમ જ કહે છે કે હવે કંઈક કામવા લાગો એટલે આપડો દિ' સુધરતો થાય. મંદી તો હમણાં આવી. પણ મંદી ન હતી ત્યારે પણ અનેક યુવાનો રખડતા જોવા મળતા હતા. જેમાંના મોટાભાગના હજુ રખડે છે. તેઓનામાં સભાનતા જ ન હતી કે તેમની ઉંમર પૈસા કમાવા માટેની પસાર થઈ રહી છે. જુવાનીમાં કમાયેલો પૈસો જો સંપત્તિમાં રૂપાંતરિત ન થાય તો આયુષ્યને અવશેષે એ પૈસા કોઈ .મમાં આવતા નથી. આ સંસારમાં સંપત્તિ જેવી સ્થિર લક્ષ્મી બીજી એકેય નથી. એ સંપત્તિનું સર્જન કરવાની જવાબદારી નવી પેઢીની છે અને એ એની જેટલી વહેલી શરૂઆત કરે એટલો એ પરિવાર જલ્દી ઊંચો આવે છે.

જે લોકો કુંવારા રહી જાય છે એનું કારણ એક તો એ પણ છે કે વ્યાવસાયિક સાહસિકતાનો અભાવ હોય છે. અમરેલીના ધૂળ ઉડાડતા રસ્તાઓએ જાહેર અવરજવરને તો નુક્સાન કર્યું છે પરંતુ સામાજિક રીતે પણ બહુ નુકસાન કર્યું છે. કોઈ સંભવિત વેવાઈ ઉમેદવાર મુરતિયાનું ઘર જોવા અમરેલી આવે તો આ શહેરની એના પર શું છાપ પડે ? આજકાલની કન્યાઓને આવા નગરોમાં આખી જિંદગી પસાર કરવાનું ગમે ખરું ? એના પર પણ સ્થાનિક સમાજે વિચાર કરવાની જરૂર છે. અમરેલીના રસ્તાઓની ધૂળ કોઈની ભાગ્ય રેખા પર ઉડવા લાગી છે. આટલી હદે આપણે પહોંચી ગયા છીએ. આ સ્થિતિ નવી પેઢીએ સાવધાન થવાની સ્થિતિ છે. કારણ કે ઘોડાવેગે સમય વહી રહ્યો છે અને કીડી વેગે આપણે વિચારતા રહીશું તો ભવિષ્ય હાથમાંથી રેતીની જેમ સરી જશે. ■

# મોટા બાપુ ભીતરમાં ભડકો થઇને સળગતી નફરતની જ્વાળામાં શેકાતા હતા




વાર્તા વિશ્વ
યોગેશ પંડ્યા



ભગલાએ જ્યારે મોટા બાપુને સમાચાર આપ્યા કે "વીડવાળું પચ્ચીસ વીઘાનું કટકુ તો સંગુભાએ કબજે કરી લીધું છે એટલું જ નહીં પણ એ વાડીની ફરતે ફેન્સીંગ બાંધી ખુંટાય મારી દીધા છે. દસ બાર દિવસ પહેલાં હળિયુ બળિયુ હંકાવીને કાલે વાવણીય કરી દીધી છે બાપુ! હવે એ કટકું તમારા હાથથી ગયું સમજો..." સાંભળતા જ મોટા બાપુના ત્રેપન કરોડ રૂંવાટા સણેણાટ કરતા બેઠા થઈ ગયા: સંગ્રામની આ હિંમત ! આવવા દે એને મારી સામો. દીકરો હોય તો શું થઈ ગયું ! મારી ખાનદાની ને આબરૂનું છડેચોક લીલામ કરી નાખ્યું ને આ રાજપરાની શેરીઓમાં ક્યાંય હાલવા જેવું રહેવા નથી દીધું એ કપાતરે તો! એને તો મારી વંશવાળીમાંથી જ કાઢી નાખ્યો છે અને એ ઉઠીને મારા નામે ચોપડે ચડેલું કટકુ હાથવગે કરી ગયો ? ખબરદાર સંગ્રામ આજ ફેંસલો થઈ ગયો સમજ. કાં તું નહીં ને કાં હું નહીં..."

ગુસ્સાથી થરથર કાંપતો વનરાજ બોડ ફરતે આમથી તેમ આંટા મારે એમ આજ ગઢની અંદર મોટા બાપુ ભીતરમાં ભડકો થઈને સળગતી નફરતની જ્વાળામાં શેકાતા હતા. એટલામાં જ ઘોડી ઉપર સજ્જ થઈને મોટો પુત્ર પ્રતાપ આવી પહોંચ્યો. મોટા બાપુએ રાડ નાખી:

'પ્રતાપ...'

'જી બાપુ...' પ્રતાપ ઘોડીનું ચોકડું હાથમાં લઈને નજીક આવ્યો.

'પ્રતાપ, ઓલ્યા કપાતરે શું ધારી છે? તને ખબર છે એણે વીડવાળુ કટકુ દબ્બી દીધું.'

'હા બાપુ..' પ્રતાપે ધીમેથી કહ્યું 'મને કાલે ખબર પડી પણ જવા દો ને, ભલે ને મથતો! એના પરસેવે કમાય છેને બાપુ! .. અને ગમે તેમ તોય-'

'નહીં...' બાપુનો અવાજ ફાટી ગયો: 'ઈ કપાતરને તો હું કયારેય મારા આ આંગણામાં કે વાડીમાં ખેતરમાં કે વીડમાં ટાંટિયો નહીં મુકવા દઉં. ઈ જેવો ટાંટિયો મુકશે, ઈ ભેળો એને ભાંગી નાંખીશ કહી દે એને ફોન કર...'

'હા બાપુ,' પ્રતાપ ઘોડીને બાંધવા ઢાળિયા હેઠે લઈ ગયો. પણ મોટા બાપુની ધીરજ ન રહી. એ અષાઢી વાદળા જેમ ગર્જી ઉઠ્યા: 'મેં તને કીધું ને કે તું એને ફોન કર...'

પ્રતાપે મોબાઈલ હાથમાં લીધો. આમતેમ સ્વીચ દબાવી પણ લાગ્યો નહીં. તેણે લાચારીથી કહ્યું : 'ફોન લાગતો નથી....'

'નહીં લાગે મને ખબર છે તારી...' કહી ઝડપથી ઘોડી પાસે ગયા. ઘોડી છોડીને કુદકો મારીને ઘોડીએ ચડ્યા. જતા જતા મોટેથી ત્રાડ્યા: 'આજ એને ય ખબર પડી જાશે કે બાપની સામે પડવામાં શું ખોવું પડે છે? આજ તો ઈ નહીં કે હું નહીં....' કહેતા ઘોડીને ડાબો માર્યો.

ઘોડી ઝાડ થઈને ભાગી. પ્રતાપ 'હં..હં... બાપુ' કરતો રહ્યો. પણ મોટા બાપુ પાદર વટી ગયા હતા. ભગલો, દારૂ ને દેતવા ભેગા કરીને ભાગી છુટ્યો હતો!

વાતમાં કંઈ નહોતું. આજથી એકવીસ બાવીસ વરસ પહેલાં સંગ્રામ મીલટ્રીમાં જોડાયો હતો. ત્યારે એ રાજપરાનું ગૌરવ ગણાયું હતું. મોટા બાપુ પણ મુછે વળ દઈને ગામની સોંપટ નીકળતા હતા. હવે સંગ્રામ ધીરેધીરે કરતા કાશ્મિર, યુ.પી., દહેરાદુન, લેહ, એમ.પી. અને ત્યાંથી છેલ્લે રાજસ્થાનમાં પોસ્ટીંગ થતા આવ્યો હતો અને એક દિવસ અચાનક એક રાજસ્થાની છોકરી સાથે આંખ મળી ગઈ. કૌશલ્યા રાઠોડ પણ જેમતેમ નહોતી. એની રગમાંય અસ્સલ રાઠોડી લોહી ઉછળતું હતું. અને સંગ્રામે સિવિલ મેરેજ કરી લીધા. મોટા બાપુને આ વાતની ખબર પડી. એ બાપુને જરાય ગમ્યુ નહોતુ! એટલે સંગ્રામ કૌશલ્યાને લઈને ગઢમાં આશિર્વાદ લેવા આવ્યો ત્યારે બાપુ ન બોલવાનું બોલી ઉઠ્યા હતા. સંગ્રામ હતપ્રભ થઈ ગયો હતો અને કૌશલ્યા રડી પડી હતી. કારણકે સંગ્રામને કાંઈ કહેવામાં બાકી રાખ્યુ નહોતું. આજે છ-છ મહિના થયા. બાપ-દીકરા વચ્ચેનો ગજગ્રાહ ઔર મજબુત થતો ગયો. રેશનકાર્ડમાંથી તો ઠીક, વંશાવલીમાંથી સંગ્રામ બાદ થઈ ગયો હતો. એટલે હવે સંગ્રામ મોટા બાપુ સામે પડયો.

★★★★

મારતી ઘોડીએ જ્યારે મોટા બાપુ વીડવાળા કટકે આવ્યા ત્યારે ત્યાં કોઈ નહોતું. મોટા બાપુની આંખનો રંગ બદલાઈ ચુક્યો હતો. એમણે વાડી ફરતે આંટો માર્યો, પણ શેઢો બાંધીને ત્યાં કરેલી ફેન્સીંગ જોઈને કાળજે હડહડતું તેલ રેડાયું. ગુસ્સામાં આવીને ફેન્સીંગ તોડી નાંખી.

બીજે દિવસે સંગ્રામને ખબર પડી. એ સવારના પહોરમાં જ ગઢમાં આવ્યો ત્યારે મોટા બાપુ ઉઠીને ન્હાઈ ધોઈ સૂરજ દેવને જળ ચડાવતા હતા.

'ચંદુભા...' સંગ્રામે આવીને રાડ નાંખી. પણ એના પ્રચંડ અવાજને કારણે પ્રતાપ, વચેટ ભાઈ સજ્જન, પડખે રહેતા કાકા સોમભા વગેરે દોડી આવ્યા. સંગ્રામની આંખો લાલચોળ હતી.

'ચંદુભા...' આજ એણે બાપુનું સંબોધન પડતુ મૂકીને મોટા બાપુને 'ચંદુભા' નામથી બોલાવ્યા હતા. !

ગઈકાલે જે ઘટના ઘટી ગઈ તેની પ્રતાપને ખબર પડી ગઈ હતી. સમય પારખી એ સંગ્રામને બાવડું પકડીને એકકોર લઈ ગયો કે મોટા બાપુ વચમાં પડ્યા: 'પ્રતાપ તું મૂક એને. મૂકી દે ..!! મારે જોવું છે કે એ શું કરી લે છે?'

'હા હા... જોવું છે ને? પણ હું તમારી જેમ પીઠ પાછળથી ઘા નથી કરતો. આજ ચેતવણી આપવા આવ્યો છું કે હવે પછી એ મારી જમીનમાં પગ મૂકયો ને તો તે 'દિ તમારી લાશ ઘરે આવશે સમજ્યા ચંદુભા.'

'હવે માર્યા ને ખાધા. નમાલા ! મનેય જોટાળી ચલાવતા આવડે છે અને મારી જોટાળી તો લાશ સરખુંય તારૂં શરીર રહેવા નહીં દે. અને તને કહી દઉં છું કે તારા બિસ્તરા પોટલા ઈ જમીનમાંથી ઉપાડી લેજે, નહીતર મને ઉખાડતા આવડે છે. ઈ જમીન મારી છે મારી! ચંદુભાની! સુવાંગ! સમજ્યો? હાળા શિયાળિયા સાવઝ ક્યારે થઈ ગયા ? ને કૂતરા ઘરધણી થઈ ગયા ?'

'તમારી દાટીએ હું ભાગી જાઉં એવો કાયર નથી. મારા ધામા હવે ત્યાં જ રહેશે. ચોવીસે કલાક! તમારી નજર સામે તમારી જ છાતી ઉપર હવે હળ હાંકવું છે. સાંભળી લેજો. હિસાબ ચુકતે કરવો હોય તે દિ' આંયા કોઈને પુછવા વાર નહીં રાખતા કે હું બાઝવા જાઉં?' કહેતો સંગ્રામ નીકળી ગયો...

આજે બે દિવસનો ઘૂઘવાટ હૈયામાં ઘૂમરાતો હતો. 'મારૂં કાં મરૂં' નું ઝનૂન પળેપળે બેવડાતું જતું હતું. એમાં ભગલાએ રાતે આવીને ઉંબાડિયું ચાંપ્યું: 'મોટા બાપુ ગજબ થયો.' 'શું થયુ વળી બોલ બોલ....'

'સગુભાની જમીન ઉપર તમે જે થાંભલા કાઢી નાંખ્યા'તાને ? ઈ થાંભલા આજ તો બીજા દસ વીઘા સુધી લંબાઈ ગયા છે. આમને આમ તો તમારૂં બસો વીઘાનું વીડ કબજે નો કરી લે ક્યાંક'

'હેં?' થાંભલા પાછા ખોડ્યા એણે ? અને એ પણ પાંત્રીસ વીઘા લગી ?'

'હા બાપુ. આનું કંઈક કરવું પડશે. દરદ ને દુશ્મન ઉગતા જ ભંડારી દેવા સારા....'

અને મોટા બાપુની છાતી થડક ઉથડક થવા લાગી.

આજ જોટાળી હાથમાં લીધી ને ઘોડીએ પલાણ નાખ્યા. એમની લાલચોળ આંખો સામે સંગ્રામનો ચહેરો જ દેખાતો હતો. બકડદમ બકડદમ કરતાં વાડીએ પૂગ્યા.

ત્યારે સંગ્રામ ટ્રેકટર મૂકીને ઝાંપલી પ્ધોર આવતો હતો!

મોટા બાપુએ જોયું.

ભગલા રાતની વાત સોળ આના સાચી હતી.

મોટા બાપુએ જોટાળી ખભેથી ઉતારી. કાળનું ખુન્નસ એની કંપતી આંગળીઓમાં લોહીની હારોહાર દોડતું હતું.

'ખબરદાર..'

બેખબર સંગ્રામ અટકી ગયો.

'હું આજ હિસાબ ચૂકતે કરવા આવ્યો છું.'

'હું તૈયાર જ છું ચંદુભા. કરી લો ઘા. પહેલો ઘા રાણાનો...' 'સંગ્રામ..' અને મોટા બાપુની આંખોમાંથી તણખા ઝર્યા. સંગ્રામે કહ્યું:'કરી લો. ચાંપો જામગરીને કરો ભડાકો.'

'હજી સમજી જા. તને જીવતદાન આપું છું.'


'હું માંગણ, યાચક, ભીખારી નથી ચંદુભા!! અને, હું કાયર પણ નથી. આવા ખેલ તો આ દેશની રક્ષા કરતા કરતા ઘણાય ખેલી લીધા છે. યુધ્ધના મોરચે મિસાઈલના ને ટેન્કના નાળચા ખભે ઝીલી-ઝીલીને ખભા પાણા જેવા થઈ ગયા છે ત્યાં આ તમારી રમકડા જેવી બેનાળીથી હું બી જાઉં ? બાકી, આ જમીન હું છોડીશ નહીં. ઈ મારો હક્ક છે અને મારો હક્ક ઝુંટવવાની કોશિશ મહેરબાની કરીને નહીં કરતા.'

'આ જમીન તારા બાપની છે?'

'હા, આ જમીન મારા બાપની છે અને મારો બાપ મારી સામે ઉભો ઈ છે. એના ખૂનનો હું બનેલો છું અને મારા બાપનું ખૂન જે દિ' દીકરાનું ખૂન લેવાનો પ્રયાસ કરશે તે દિ' આ દીકરાનું ખૂનેય ઓછુ નહીં ઉતરે સમજ્યાં? અને એ ખૂનના હક્ક હિસ્સાથી આ જમીન વાવી છે. ક્યાંય ધરમની જગ્યામાંથી ભીખ માગીને નથી વાવતો. જમીન મારા હ્ક્કની છે કારણ કે મારા બાપની છે. એટલે છાતી ઠોકીને કહું છું કે હું એનો જ દીકરો છું એટલે બોલી શકું છું. હવે આજ ભલે થઈ જાતાં પારખાં.. કે હું કોનો દીકરો છું??!! મરદ નો કે પછી કોઈ બાયલા બાપનો ???!..'

..પણ મોટા બાપુના હાથમાંથી બેનાળી હેઠી પડી ગઈ ને તેમની છાતી ગજગજ ફુલી રહી. એ ઠેકડો મારીને નીચે ઉતર્યા. જે હાથ બેનાળી પકડીને સંગ્રામની સામે દુશ્મન બનીને તકાઈ રહ્યા હતા એ જ હાથ બાપનું વહાલ બનીને દીકરા સામે લંબાઈ રહ્યા .. 'મારું લોહી...' કહેતા એ સામા દોડ્યાને સંગ્રામને બાથમાં લેતા, અંદરનો ઘૂઘવાટ અને ધૂંધવાટ, આંસુ બનીને આંખથી નીતરી રહ્યો. ■

# હવે તો તારા સુખ ખાતર હું મારી જાતને સળગાવવા તૈયાર છું




ધારાવાહી નવલકથા
અમૃત પરમાર



"ખૂબ ખૂબ, અતિશય....! હૃદયથી તને ચાહુ છું, હૃદયથી તને પ્રેમ કરૂં છું અને શરીરથી તને તૃપ્ત કરતાં વધુ તૃપ્તિ હું અનુભવુ છું...જ્યોતિ.." ભાવવિભોર થઈ જઈ દામલ બોલ્યો.

" તારી આવી અલંકારિક ભાષા મને ન સમજાય તો માફ કરજે. હવે સાવ સાદી અને સરળ ભાષામાં બોલે તો તું મારો દામલ..."

"હું તને મારા જીવ કરતાં પણ વધારે તને.. તને.. ને તને જ પ્રેમ કરૂં છું...!"

" તો સાંભળ : મેં તો સાંભળ્યું છે કે પ્રેમ એક જુનૂન છે, તેમાં રચ્યા પચ્યા રહેવાથી માનવ સુસાઈડ એટલે કે આપઘાત કે આત્મહત્યા પણ કરી બેસે છે..." જ્યોતિ બોલી.

"કદાચ એ સત્ય હોય શકે, એમાં હું કયા ના પાડું છું...?" દામલે કહ્યું.

"તું ના પાડે કે ના ન પાડે, એથી શું ? પરંતુ હૃદયથી હૃદયને સ્પર્શતો મધુર અહેસાસ એટલે પ્રેમ ! જે રીતે સુગંધને આપણે છુપાવી નથી શકતા એવી જ રીતે બીજાની નજરથી પ્રેમ દૂર રાખવો એ અશકય વાત છે. વહેલા - મોડા આપણા પ્રેમની વાત જાહેર થાય તો...?"

"એવું નહીં થાય જ્યોતિ, એવું કયારેય નહીં થાય..." તરત જ દામલ બોલ્યો..

"બસ..., એવું ન થાય એટલે તો તને કહું છું કે, તારે મને વચન તો આપવું જ પડશે..."

"વચન...? પ્રેમમાં વળી વચન ?"

"હા..., એક વચન..."

"માગી લે, તું કહે તે વચન આપવા હું તૈયાર છું, કહે તું..."

"પહેલાં મને સાંભળી લે : પ્રેમ નામનો સંબંધ લોહીના સંબંધથી અનેક ગણો મહાન છે. તારા અને મારા જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ ભલે બદલાય પરંતુ, સાચો પ્રેમ બદલાતો નથી. પ્રેમને કોઈ આકાર જ નથી. પ્રેમનો સંબંધ માત્ર દિલ સાથે નહીં પણ આત્મા સાથે જોડાયેલ હોય છે. પ્રેમ એટલે ત્યાગ, પ્રેમ એટલે સમર્પણ, પ્રેમ એટલે સ્વીકાર, પ્રેમ એટલે દિવ્ય અહેસાસ, પ્રેમ એટલે અલૌકિક અનુભૂતિ, પ્રેમ એટલે પરમનું સાંનિધ્ય, પ્રેમ એટલે જ એક પ્રકારની ભક્તિ, પ્રેમ એટલે જ આરાધના, પ્રેમ એટલે પૂજા, પ્રેમ એટલે ઓગળી જવું અને પ્રેમ એટલે એકાકાર થઈ જવું..." કંઈ અનેરા જુસ્સાથી આવું ને આટલું બધુ એકધારૂં જ્યોતિ બોલી... દામલ તો દંગ થઈ ગયો. એટલે તો સાવ નરમ - નમ્ર અવાજે દામલે કહ્યું :

" હા... જ્યોતિ હા..., તું જે કંઈ બોલી તે બધુ જ સત્ય છે, સત્ય છે હું બધુ જ સ્વીકારવા તૈયાર છું. પરંતુ તને તો હું કયારેય છોડીશ નહીં. અરે.., હું પાગલ બની જઈશ પણ તારો સાથ તો નહીં જ છોડું..."

"પરંતુ.... એવા સંજોગો પેદા થયે, જરૂર પડ્યે મને છોડવી પડે તો..?"

"તો છોડી દઈશ, જા...હું તને વચન આપુ છું. પરંતુ બીજું કોઈ નહીં પણ તું કહીશ તો તને આઝાદ કરી દઈશ. પરંતુ એ પણ સાંભળી લે : તને છોડયા પછી હું તો સાચે જ પાગલ બની જઈશ..."

"એવું ન બોલ દામલ...! આ તો દુનિયા છે. આ આખો કહેવાયેલો સમાજ જ વિચિત્ર છે, અને વિચિત્ર રહ્યો છે. પરંતુ એવી કોઈ પરિસ્થિતિ ઉદભવે ને તો.... તો.., તારે મને ભૂલી જવી પડે. મારે પણ તને ભૂલવો પડે. મારી આ વાત તને સમજાય છે ?"

"હા, બધું જ સમજુ છું હું. મેં તો તને હૃદયથી પ્રેમ કર્યો છે. હવે તો તારા સુખ ખાતર હું મારી જાતને સળગાવવા તૈયાર છું, મરવા માટે પણ તૈયાર છું. તારૂં દુઃખ હું કદી જોઈ ન શકુ. કારણ માત્ર એટલું જ કે, મેં તને ચાહી છે, તને પ્રેમ કર્યો છે, મરતાં સુધી મારી ચાહત તો જીવંત અને અમર જ રહેશે..."

"બસ દામલ બસ ! એવો સમય આવશે ત્યારે તારે અને મારે જરાપણ ડગવાનું નથી. કારણ કે પ્રેમનું ભોજન જ પીડા છે, અને આકર્ષણનું ભોજન બળતરા છે. પ્રેમમાં બધું જતું કરીએ તો પણ ઘણું મળે છે. એટલે તો પ્રેમ એટલે સમર્પણ ! સમર્પણ...! વળી એવું પણ કહેવાય છે કે પ્રેમ સાથે પીડા પરણીને જ આવે છે. તેથી તો પીડા સહન કરવાની તૈયારી તો રાખવી જ રહી..." જ્યોતિએ ઘણું ઘણું કહ્યું.

ત્યાં તો,

દામલે આંગળી ચીંધી કહ્યું : "લે..., આપણી નિશાળનો દરવાજો પણ આવી ગયો. હવે અધૂરી રહેલી વાત ફરી કયારેક..."

જ્યોતિ ચૂપ, દામલ પણ ચૂપ, ચૂપચાપ બન્ને શાળાના દરવાજામાં દાખલ થયા.

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

INDIRA GANDHI NATIONAL CENTRE FOR THE ARTS

ગુજરાત સરકાર

Gujarat Tourism

# સોમનાથના આંગણે શરૂ થઇ રહ્યો છે કલા અને આરાધનાનો અલૌકિક મહોત્સવ



## સોમનાથ મહોત્સવ
### કલા દ્વારા આરાધના



સોમનાથ મહોત્સવ સંગીત, કલા અને સંસ્કૃતિની ભવ્ય ઉજવણીના ત્રણ દિવસ આપની આધ્યાત્મિક ઊર્જાને જાગૃત કરવાનો અનોખો ઉત્સવ છે. આ ભવ્ય મહોત્સવમાં શાસ્ત્રીય નૃત્ય અને સંગીત સાથે સંલગ્ન વિશ્વ વિખ્યાત કલાકારો પોતપોતાની કલાથી શિવજીની આરાધના દ્વારા સૌને મંત્રમુગ્ધ કરી દેશે. આ ઉપરાંત ભારતીય શાસ્ત્રીય સંગીત નૃત્યોનું મંત્રમુગ્ધ કરનારું નિદર્શન-નાદ, મંદિર વાસ્તુકલા અને શૈવવાદ પરના રસપ્રદ વક્તવ્યોનો લ્હાવો માણવા આ અલૌકિક ઉત્સવમાં પરિવાર સાથે સહભાગી થઇએ

**ઉદ્‌ઘાટક**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**અતિથિ વિશેષ**

**શ્રી મુળુભાઈ બેરા**
માનનીય મંત્રી, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,
વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, ગુજરાત

તારીખ : 24 ફેબ્રુઆરી, 2025 | સમય : સાંજે 6.00 વાગ્યાથી
સ્થળ : સમુદ્ર દર્શન પથ પાસેનું મેદાન,
સોમનાથ મંદિર પાસે, ગીર સોમનાથ



## ત્રિ-દિવસીય મહોત્સવની રૂપરેખા

**દિવસ 01 | 24મી ફેબ્રુઆરી**
- ડૉ. સોનલ માનસિંઘ (પદ્મ વિભૂષણ) દ્વારા "નાટ્ય કથા: હર હર મહાદેવ"
- સૂર્યાગાયત્રી દ્વારા શિવ ભજન
- વિદુષી રમા વૈધનાથ દ્વારા "નિમગ્ન"
- પંડિત રોનું મજૂમદાર (પદ્મશ્રી) અને શ્રી અતુલ રનીંગા સાથે ડ્રમ્સ શિવમણી

**દિવસ 02 | 25મી ફેબ્રુઆરી**
- રામ ચંદ્ર (પદ્મશ્રી) અને સાથીઓ દ્વારા શેડો પપેટ્રી
- વિદુષી સુધા રઘુરામન અને શાસ્ત્રીય સંગીત
- વિદુષી કુમુદિની લાખિયા (પદ્મ વિભૂષણ) અને કદંબ
- શ્રી અતુલ પુરોહિત (ગરબા/ભજન)

**દિવસ 03 | 26મી ફેબ્રુઆરી (શિવરાત્રી)**
- બરોડા કેરલા સમાજમ દ્વારા સિંગરી મેલમ + નીલેશ પરમાર દ્વારા ગુજરાતનું લોક નૃત્ય
- શ્રી યોગેશ ગઢવી દ્વારા ડાયરો
- ડૉ. રાજશ્રી વારીયર અને સાથીઓ દ્વારા ભરતનાટ્યમ્
- ડૉ. માયસોર મંજૂનાથ અને સુમંથ મંજૂનાથ દ્વારા વાયોલિન ડ્યુએટ, થીરૂવારૂર ભક્તવત્સલમ્ – મૃદંગમ
- સ્પર્શ સ્ટુડિયો ફોર પરફોર્મિંગ આર્ટસ (શ્રીમતી સુમન સરવગી) દ્વારા 8 ક્લાસિકલ નૃત્ય શૈલીઓમાં શિવ મહિમાની પ્રસ્તુતિ
- પંડિત વિશ્વ મોહન ભટ્ટ(પદ્મ ભૂષણ) અને પંડિત સલિલ ભટ્ટ દ્વારા "ડેઝર્ટ સ્લાઇડ્સ એન્સેમ્બલ" ની પ્રસ્તુતિ
- પંડિત શશાંક સુબ્રમણિયમ દ્વારા વાંસળી વાદન સાથે પારૂપલ્લી ફાલ્ગુનની મૃદંગમ અને અનુબ્રાતા ચેટરજીની તબલા સંગત
- માઈસ્ટ્રો બિક્રમ ઘોષ દ્વારા રિધમ સ્કેપ

"વાધમ્-નાદસ્ય યાત્રા" પર વિશેષ પ્રદર્શનનું આયોજન | સોમનાથ પર સેમિનાર: મંદિર, તીર્થ અને પરંપરા | ત્રિવેણી ઘાટ પર સાંજે સંગમ આરતીનું આયોજન | કલાંજલિ: ખ્યાતનામ કલાકારો દ્વારા નાટ્ય- સંગીતના કાર્યક્રમોની પ્રસ્તુતિ

**તો ચાલો સોમનાથ જઇએ - ભવ્ય મહોત્સવના સાક્ષી બનીએ**

www.gujarattourism.com | Toll Free number - 1800 203 1111

સોમનાથ મહોત્સવની વધુ માહિતી માટે ક્યૂઆર સ્કૅન કરો